Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं } वीर सं. २४५३. मार्गशिर्ष आत्म सं. ३१ { अंक ५ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ વિભુ–વિનંતિ ... | ...૧૨૩ | ૬ મંત્રી મુદ્રા... ... | ...૧૩૬ |
| ૨ વિશ્વરચના પ્રબંધ.... | ...૧૨૪ | ૭ વર્તમાન સમાચાર ... | ...૧૪૩ |
| ૩ ભદ્રેશ્વર તીર્થ ... | ...૧૨૮ | ૮ ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર. | ૧૫૩ |
| ૪ શ્રી મૂળચંદ્રજી ગણી અષ્ટક | ...૧૩૧ | ૯ પ્રકીર્ણ. ... ... | ...૧૫૫ |
| ૫ જૈન સખાવત. ... | ...૧૩૩ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાય છે. છપાય છે. છપાય છે.

# " આત્મવિશુદ્ધિ ગ્રંથ. "

જેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ આત્માનું આરાધન, આત્મપ્રાપ્તિનાં સાધનો, વિકલ્પોથી થતું દુઃખ, જીવનો પશ્ચાતાપ વગેરે અનેક વિષયોથી ભરપુર સાદી સરલ ગુજરાતી ભાષામાં કોઇ પણ મનુષ્ય સમજી શકે તેવી રીતે આચાર્યમહારાજ શ્રી વિજયકેશરસૂરીજીએ લખેલો આ ગ્રંથ છે. જેના પઠનપાઠનથી વાચકને આત્માનંદ થતાં, કર્મોને નાશ કરવાની પ્રબળ ઇચ્છા થતાં મોક્ષને નજીક લાવી મુકે છે. આત્મસ્વરૂપના ઇચ્છક મનુષ્યને આ ગ્રંથ મનનપૂર્વક વાંચતાં પોતાનો જન્મ સફળ થયો માની તેટલો વખત તો ચોક્કસ શાંતરસ–વૈરાગ્યરસમાં મગ્ન થાય છે. વિશેષ ખાત્રી વાંચીને કરવા ભલામણ છે.

વસંતપંચમીના રોજ પ્રકટ થશે. અમારે ત્યાંથી મળશે.

## નમ્ર સુચના.

અમારા માનવંતા સભાસદોને જણાવવા રજા લઇયે છીયે કે સભાનો સં. ૧૯૮૨ ના આશો વદી ૦)) નો રીપોર્ટ તૈયાર થાય છે, થોડા દિવસ પછી તે પ્રકટ થશે જેથી તે સંબંધમાં કોઈપણ સભાસદ બંધુઓએ કાંઇ સુચના કરવા જેવું હોય તો સભાને લખી જણાવવું, જેથી અગાઉ મળનારી મીટીંગમાં તે રજુ કરવામાં આવશે.

## જૈન પંચાંગ.

ચાલુ વર્ષના પંચાંગ જૈન બંધુઓ પોતાના આચાર, ધાર્મિક દરેક ક્રિયામાં ઉપયોગ રાખી લાભ લે તે માટે પ્રકટ કરેલ છે. કિંમત માત્ર પોણોઆનો ( નવ પાઇ. ) પોસ્ટેજ જુદું.

## નવા થયેલા માનવંતા સભાસદો.

૧ શ્રી વિજયઆણંદસૂરી મોટા ગચ્છના જ્ઞાનભંડાર. સાણંદ.
બીજા વર્ગના લા. મે. માંથી પે. વ. લા. મે.

| | | |
|---|---|---|
| ૨ શ્રી સાગરગચ્છના જ્ઞાનભંડાર. | સાણંદ. | બીજા વર્ગના લાઇફ મેમ્બર. |
| ૩ શેઠ ગુલાબચંદભાઇ રાઘવજી. | વઢવાણકાંપ. | " |
| ૪ દલાલ અમરચંદ કાનજીભાઇ. | ભાવનગર. | " |
| ૫ ડોકટર સાહેબ, વીઠલદાસભાઇ જીવરાજભાઇ દોશી. ભાવનગર. | | " |

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ, નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ વગેરે સહિત રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. શાળાઓ માટે ખાસ ઉપયોગી. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિં. રૂ. ૧–૧૨–૦ મુદ્દલ કિંમત પોષ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભા તરફથી બહાર પડેલ ઉત્તમોત્તમ ગુજરાતી પુસ્તકો.

| | |
|---|---|
| ૧ શ્રી જૈન તત્વાદર્શ ( શાસ્ત્રી ) | ૫-૦-૦ |
| ૨ નવતત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ૩ જીવવિચાર વૃત્તિ | ૦-૬-૦ |
| ૪ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૫ જૈનતત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦-૬-૦ |
| ૬ દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦-૮-૦ |
| ૭ નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૮ હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ૯ કુમાર વિહાર શતક, મૂળ અવચૂરિ અને ભાષાંતર સાથે ( શાસ્ત્રી ) | ૧-૮-૦ |
| ૧૦ પ્રકરણ સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૧ નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦-૮-૦ |
| ૧૨ આત્મવલ્લભ સ્તવનાવલી | ૦-૬-૦ |
| ૧૩ મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ૧૪ પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ૧૫ શ્રાવક કલ્પતરૂ | ૦-૬-૦ |
| ૧૬ આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨-૮-૦ |
| ૧૭ આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧-૮-૦ |
| ૧૮ જંબુસ્વામી ચરિત્ર | ૦-૮-૦ |
| ૧૯ જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૨૦ તપોરત્ન મહોદધિ ભાગ ૧-૨ તમામ તપ વિધિ સાથે | ૧-૦-૦ |
| ૨૧ સમ્યકત્વ સ્તવ | ૦-૪-૦ |
| ૨૨ ચંપકમાળા ચરિત્ર | ૦-૮-૦ |
| ૨૩ શ્રી સમ્યકૃત્વ કૌમુદી | ૧-૦-૦ |
| ૨૪ પ્રકરણ પુષ્પમાલા બીજું | ૦-૮-૦ |
| ૨૫ અનુયોગદ્વાર સૂત્ર | ૦-૮-૦ |
| ૨૬ અધ્યાત્મમત પરીક્ષા | ૦-૪-૦ |
| ૨૭ ગુરૂગુણ છત્રીશી | ૦-૮-૦ |
| ૨૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦-૫-૦ |
| ૨૯ જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૩૦ શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧-૦-૦ |
| ૩૧ સંબોધ સિત્તરી | ૧-૦-૦ |
| ૩૨ ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧-૮-૦ |
| ૩૩ સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |
| ૩૪ આદર્શ સ્ત્રી રત્નો | ૧-૦-૦ |
| ૩૫ શ્રી નેમનાથ ચરિત્ર. | ૨-૦-૦ |
| ૩૬ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા, ૧ લો. | ૨-૦-૦ |
| ૩૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨-૮-૦ |
| ૩૮ શ્રી દાન પ્રદીપ | ૩-૦-૦ |
| ૩૯ શ્રી નવપદજી પૂજા અર્થ ફૂટનોટ સહિત | ૧-૪-૦ |
| ૪૦ શ્રી કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૪૧ શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૪૨ શ્રી આચારોપદેશ ( રેશમી પાકું કપડાનું બાઈડીંગ ) | ૦-૮-૦ |
| ૪૩ કુમારપાળ પ્રતિબોધ. | છપાય છે. |
| ૪૪ ધર્મબિન્દુ ( આવૃતી બીજી ) | ,, |
| ૪૫ શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ |
| ૪૬ શ્રી પ્રભાવક ચરિત્ર | છપાય છે. |
| ૪૭ શ્રી વિમલનાથ ચરિત્ર | ,, |

### પરચુરણ પુસ્તકો.

| | |
|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| પ્રમેયરત્નકોષ | ૦-૮-૦ |
| જૈનભાનુ | ૦-૮-૦ |
| વિશેષનિર્ણય | ૦-૮-૦ |
| વિમલવિનોદ | ૦-૧૦-૦ |
| સજ્જનસન્મિત્ર | ૪-૦-૦ |
| અભયકુમારચરિત્ર ભાગ ૧ લો | ૨-૪-૦ |
| ,, ભાગ ૨ જો | ૩-૦-૦ |
| સજ્ઝાયમાળા ભાગ ૧ લો | ૨-૦-૦ |
| ,, ભાગ ૨ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૪ થો | ૨-૦-૦ |
| સમ્યક્ત્વદર્શન પૂજા | ૦-૧-૦ |
| ચૌદરાજલોક પૂજા | ૦-૧-૦ |
| નવપદજી મંડલ | ૦-૪-૦ |
| નવપદજી મંત્ર | ૦-૨-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાય શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શા. મેઘજી હીરજી બુકસેલર, શ્રાવક ભીમસી માણેક, સલોત અમૃતલાલ અમરચંદ વિગેરેનાં પુસ્તકો પણ અમારે ત્યાંથી મળી શકશે. નફો જ્ઞાનખાતામાં જાય છે. જેથી મંગાવનારને પણ લાભ છે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાય છે.

૧ **કુમારપાળ પ્રતિબોધ**—ઇતિહાસ અને ઉપદેશની દૃષ્ટિએ અનેક કથાઓ સહિત-શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળ રાજાને જે ઉપદેશ દૃષ્ટાંત-કથાઓ સહિત આપી જૈન રાજા બનાવેલ છે, તે અન્યધર્મી વાંચતાં પણ જૈન બની જાય છે તો જૈનધર્મી તે વાંચતાં પરમ જૈન બને તેમાં શું નવાઇ? ૬૦ ફારમ શુમારે ૫૦૦ પાના રોયલ મોટી સાઇઝ=શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સહાયવડે તેમની સીરીઝ તરીકે—

૨ **શ્રી ધર્મબિન્દુ ગ્રંથ**—શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કૃત મૂળ તથા ભાષાંતર સાથે. આપણી શ્રી જૈન કોન્ફરન્સની એજ્યુકેશનબોર્ડે પાઠશાળાઓના અભ્યાસક્રમ તરીકે દાખલ કરેલ છે. દરેક જૈન તેનો અભ્યાસી હોવોજ જોઇએ.

૩ **શ્રી પેથડકુમાર ચરિત્ર**—અર્વાચીન ઇતિહાસીક ગ્રંથ ઉત્તમ ચરિત્ર મૂળ આ સભાએ છપાવેલ છે આ તેનું ભાષાંતર છે.

૪ **શ્રી વિમલનાથ ચરિત્ર**—વિવિધ ઉપદેશ અને ચમત્કારિક અનેક કથાઓ સહિત ( ખાસ વાંચવા લાયક )

૫ **શ્રી પ્રભાવક ચરિત્ર**—અર્વાચીન બાવીશ મહાન ( આચાર્યોશ્રી ) પુરૂષોના ચરિત્રો ( ઇતિહાસિક ગ્રંથ ).

૬ **આત્મવિશુદ્ધિ.**

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂ ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४६३. मार्गशिर्ष, आत्मसंवत् ४१. } अंक ५ मो.

## " विभु–विनंति "

( રાગ–આઢ )

શત્રુંજય શ્રી આદિનાથ, વિનવિએ દર્શન દેજો દાદ;
આવ્યા આ આફત આભ, વિદારો નાભિનંદન શિરતાજ.—એ ટેક.

૧ રમ્ય રમે રગ રગ રઢીયાળું, શત્રુંજય સુરરાજ;
તરણ તારણ તીર્થ અમોલું, શાશ્વત સુવિખ્યાત..........વિનવિએ.

૨ વાર નવાણું વીચર્યા સિદ્ધક્ષેત્રે, ઋષભ ત્રિભુવન રાય;
સંયમે સિદ્ધિ વર્યા સોભાગી, તોડી અષ્ટ કર્મ જાળ........વિનવિએ

૩ રવિ શશી સમ શિરોમણી શોભે, સિદ્ધાચળ ગિરિરાજ;
ભક્તિ ભરી ભરી ભાવે ભાવે, ભાગે ભવભય ભાર..........વિનવિએ.

૪ ગાજતું ગુંજતું કલરવ કરતું, ગરવી ગુર્જર ગામ;
ઉજ્જડ પરવશ શૂન્ય જણાયે, ક્યાંથી પ્રકાશ્યાં પાપ.......વિનવિએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ વિભુ વિરહમાં વાણાં વાયાં, કેટલા દિનનાં આજ !
યુગ યુગ સમ ભાસે દિન વાણાં, નવ અંતર આરામ...........વિનવિએ.
૬ વિરહ વેદના થાયે ભારી, ગહન ગુંચવણી થાય;
નિશ્વાસ નિત નાખે નરનારી, વદી વિવિધ વિલાપ...........વિનવિએ.
૭ તલસે જ્યમ જળચર જળ કાજે, જૈન જગત જીનધામ;
નામ રટે પિયુ પિયુ પપૈયા, દર્શન અમ પોકાર...........વિનવિએ.
૮ બાળી રહી વીરબાળનાં હૈયાં, અન્યાય અગ્નિ જવાળ;
છાંટો બુઝવવા ન્યાયનું વારિ, દયા નિધિ દીનપાલ.......વિનવિએ.
૯ ડગુમગુ થાયે ઝોલાં ખાયે, અમ જીવનનું નાવ;
પાર ઉતારો નાવ સુકાની, ભવદરીયે તોફાન...........વિનવિએ.
૧૦ આવો આદિશ્વર અલબેલા, સંકટ સમયે સહાય;
જપ તપ વ્રત આ વાર વરીશું, પ્રાણપ્રિય યાત્ર કાજ........વિનવિએ.
૧૧ અધિષ્ઠાયિકા દેવ ને દેવી, આશ તીરથ ઉદ્ધાર,
પ્રેરો નરેશમાં સુમતિ બુદ્ધિ, આડે ન આવે જરાય........વિનવિએ.

**રચનારઃ—મણીલાલ માણેકચંદ મહુવાવાલા.**
શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

परिशिष्ट ५ मुं. | **વિશ્વરચના પ્રબંધ.** | ગતાંક પૃષ્ટ ૧૦૦થી શરૂ

## જડ વસ્તુના મુખ્ય લક્ષણો.

**कलकत्ताना प्रेसीडन्सी कोलेजना रसायणशास्त्रना प्रोफेसर प्रफुल्लचंद्रराय.**

**डी. एससी. पीएच. डी.**

**उपरना लेखनो अनुवाद.**

જૈનોના નવતત્વોમાં અજીવ પાંચ પ્રકારના છે. જેમાંના ચાર ધર્મ, અધર્મ, કાળ, અને આકાશ અમૂર્ત છે અને પાંચમો પ્રકાર મૂર્ત છે. આ મૂર્ત પ્રકારને પુદ્ગલ કહે છે, અને આ પુદ્ગલ એજ શકિતનો ધારક છે. અજીવ દ્રવ્યમાં દરેક વસ્તુ દ્રવ્ય અને પર્યાય રૂપે હોય છે. આ પર્યાયના પણ બે ભેદ છે. પરિસ્પન્દ અને પરિણામ અને તે કુદરતનો સઘળો ખુલાસો આધ્યાત્મિક રીતે નહીં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૌક્તિક રૂપે આપે છે. પુદ્‌ગલ બે રીતે માલુમ પડે છે, અણુરૂપે અથવા સ્કન્ધ રૂપે. પુદ્‌ગલની સામ્યાવસ્થાથી જૈનો આનો આરંભ કરે છે. જેના ભેદથી અનેક પરમાણુમય વિભાગ પડે છે, અને જેના સંઘાત, ભેદ અને સંઘાતભેદથી સ્કન્ધો બને છે. અણુના ભાગ પડતા નથી. તે અનાદિ છે, મધ્ય રહિત છે, અને અંત-રહિત છે. અણુ એ પુદ્‌ગલનો અનન્તમો ભાગ છે, છતાં તે શાશ્વત છે અને છેવટનો છે. સ્કન્ધના દ્વયણુકથી આરંભી અનંતાણુક સુધી અનેક વિભાગ પડે છે. દ્વયણુક બે પરમાણુઓનો બને છે. દ્વયણુકમાં એક અણુ ઉમેરવાથી તે ત્ર્યણુક બને છે, અને આ રીતે અનન્તાણુક સુધી જાણવું. 'સંખ્યેય,' 'અસંખ્યેય,' 'અનન્ત' અને 'અનન્તાનન્ત.' એમ વિભાગો પડે છે.

## जडवस्तुना मुख्य लक्षणो.

પુદ્‌ગલનાં બે પ્રકારનાં લક્ષણો છે. કેટલાંક લક્ષણો પરમાણુમાં તેમજ સ્કન્ધમાં માલૂમ પડે છે, અને કેટલાંક લક્ષણ તે કેવળ સ્કન્ધમાંજ માલૂમ પડે છે, પ્રથમ વિભાગમાં સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણના ગુણનો સમાવેશ થાય છે. મૂળ પુદ્‌ગલ એકજ સ્વરૂપી હોવાથી, અને અનિશ્ચિત હોવાથી પરમાણુના સઘળા ગુણો પરિણામનું ફળ છે. આ પ્રમાણે પરિણામ પામે છે. દરેક પરમાણુને અનેક પ્રકારનો રસ, ગંધ અને વર્ણ હોય છે, અને બે પ્રકારના સ્પર્શ હોય છે :જેવા કે ખર, સ્નિગ્ધ, ઉષ્ણ કે શીત. પૃથ્વીકાય, અપ્કાય વગેરેના પુદ્‌ગલો એકજ સ્વરૂપી પુદ્‌ગલના જુદા જુદા ભેદો છે. સ્પર્શના પ્રકાર જેમ કે ખર, સ્નિગ્ધ, ઉષ્ણ, શીત વગેરે પ્રથમ દેખાય છે, પણ આ સ્પર્શ ગુણમાં રસ, ગન્ધ અને વર્ણનો પણ સમાવેશ થાય છે. દ્વયણુક, ત્ર્યણુક, અથવા વધારે વધારે અણુના સ્કન્ધમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ ઉપરાંત ભૌક્તિક સાત લક્ષણો હોય છે.

(૧) શબ્દ (૨) બન્ધ (૩) સૌક્ષ્મ્ય, સ્થૌલ્ય, (૪) સંસ્થાન (૫) ભેદ (૬) તમઃ છાયા (૭) આતપ ઉદ્યોત.

સ્પર્શ ગુણના નીચેના પ્રકાર છે. ખરતા અથવા સ્નિગ્ધતા, હલકાપણું અથવા ભારેપણું, ગરમ અથવા થંડું, ખરબચડાપણું અથવા સુંવાળાશ આમાંથી અણુઓમાં તો થોડીક અથવા વધારે ગરમી, અથવા ખરબચડાપણું કે સુંવાળાશ હોય છે. પણ ચાર પ્રકારના સ્પર્શના પ્રકાર જૂદા જૂદા સંયોગ રૂપે અને જૂદા જૂદા પ્રમાણમાં દ્વયણુકથી અનન્તાનન્ત પરમાણુઓના સ્કન્ધોનું ખાસ લક્ષણ હોય છે. જૈનો એમ માને છે કે પરમાણુઓના આકર્ષણ વિકર્ષણથી ગુરૂત્વાકર્ષણ અણુમાં પેદા થાય છે. રસ પાંચ પ્રકારના છે. કડવો, તીખો, મધુર, તૂરો, અને ખારો. લવણને કેટલાક મધુરનો ભાગ સમજે છે અને બીજાઓના મત પ્રમાણે તે સંયોગ રૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગંધ બે પ્રકારની છે. સુગન્ધ અને દુર્ગંધ. મલ્લિષેણાચાર્ય દુર્ગન્ધના કેટલાક વિભાગ પાડે છે, જેવી કે હીંગની ગન્ધ વગેરે. મૂળરંગ પાંચ પ્રકારના છે. કાળો, વાદળી, રાતો, પીળો અને ધોળો. શબ્દ ( અવાજ ) ના પણ ધીમો અથવા મોટો જાડો અથવા પાતળો ( પોલો ) અવ્યકત ને વ્યકત.

પરમાણુ વાદના સંબંધમાં પરમાણુઓના આકર્ષણવિકર્ષણથી દ્વયણુક વગેરે કેવી રીતે બને છે તે સંબંધમાં જૈનોની નોંધ વખાણવા લાયક છે. પરમાણુઓનું આકર્ષણવિકર્ષણ શા કારણથી થાય છે ? આ સવાલ ઉમાસ્વામી કૃત તત્વાર્થાધિગમ સૂત્રમાં ઉભો કરવામાં આવ્યો છે. બે પરમાણુઓને સાથે મૂકવાથીજ શું તેમનો સંયોગ થાય છે ? એકજ ભૂતના પરમાણુઓને સાથે જોડનાર શકિત અથવા તો એક ભૂતનો બીજા ભૂત સાથેનો રસાયણિક સંબંધ આ સંબંધમાં ભિન્નતા દર્શાવવામાં આવી નથી. જૈનો એમ માને છે કે એકજ પ્રકારના મૂળ પરમાણુઓમાંથી જૂદા જૂદા ભૂતો ( તત્ત્વો ) પરિણામ પામેલા છે. જે કારણથી પરમાણુઓ ભેગા મળીને જૂદા જૂદા દ્વયણુક વગેરે થાય છે તેજ કારણથી તત્ત્વોનો રસાયણિક સંયોગ બને છે.

કેવળ સાથે મૂકવાથીજ સંયોગ થતો નથી. સંયોગ બને તે માટે પરમાણુઓનું આકર્ષણ વિકર્ષણ થવાની જરૂર છે.

આ આકર્ષણ વિકર્ષણ જૂદી જૂદી સ્થિતિઓમાં બને છે. સાધારણ રીતે પુદ્ગલનો દરેક પરમાણુ વિષમ ગુણયુક્ત પરમાણુ સાથે સંયોગમાં આવે છે; આ સંયોગ થાય તે માટે રૂક્ષત્વ અથવા સ્નિગ્ધત્વ જેવા ખાસ વિરોધી ગુણોની જરૂર છે પણ જ્યાં ગુણો વિરોધી છતાં જઘન્ય ગુણવાળા હોય ત્યાં સંયોગ થવો અસંભવિત છે. સાધારણ રીતે કહીયે તો બન્ને પોઝીટીવ અને બન્ને નેગેટીવ ( એટલે બન્ને એકજ ગુણવાળા ) પરમાણુઓ જોડાતા નથી. વળી વિરૂદ્ધ ગુણવાળા છતાં સરખા સામર્થ્યવાળા પરમાણુઓ પણ જોડાતા નથી, પણ સરખા ગુણવાળા બે પરમાણુઓ હોય છતાં એકનું સામર્થ્ય બીજા કરતાં બમણું હોય તો, અથવા તે કરતાં પણ વધારે હોય તો એક જ સરખાં ગુણવાળા પરમાણુઓ પણ એકબીજા પ્રતિ આકર્ષાય. દરેક બાબતમાં આકર્ષણ વિકર્ષણના નિયમ પ્રમાણે બન્ને પરમાણુઓની સ્થિતિમાં ફેરફાર થાય છે, અને સ્કન્ધના ભૌતિક લક્ષણોનો આધાર પણ આકર્ષણ વિકર્ષણ ઉપર રાખે છે. સરખા સામર્થ્યવાળા પણ વિરૂદ્ધ ગુણવાળા પરમાણુઓ એકબીજા ઉપર અસર કરે છે. પણ જો સામર્થ્યમાં ફેર હોય તો વધારે સામર્થ્યવાળો પરમાણુ થોડા સામર્થ્યવાળા પરમાણુપર અસર કરે છે. તત્ત્વોના ગુણોનો ફેરફાર આ આકર્ષણ વિકર્ષણ ઉપર આધાર રાખે છે. રસાયનિક સંયોગને વાસ્તે જે આયોનીન વાદ છે, તેની આ શરૂઆત છે. આ શરૂઆત જો કે અસંસ્કૃત છે, છતાં તે ઘણું સૂચવે છે અને વસ્તુઓને ઘસવા વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંવાળી અને ખરબચડી સપાટીનું નિરીક્ષણ કરવાથી શોધી કાઢી હોય એમ લાગે છે. રૂક્ષ અને સ્નિગ્ધનો અર્થ સૂકું અથવા ભિનાશવાળું કરવું એ અયુક્ત છે. શ્રી ઉમાસ્વામીકૃત તત્ત્વાર્થાધિગમસૂત્રને આધારે આ પરમાણુવાદ લખવામાં આવ્યો છે, અને તે ઇ. સ. ના પ્રથમ સૈકાના પહેલાં પચાસ વર્ષ દરમ્યાન લખાયેલું છે.

---

નોટ—૧ આ વર્ષના અંક ૩ ( આસો માસમાં ) માં વિશ્વરચના પ્રબંધનો જે લેખ આવેલ છે તેમાં દ્વીપસમુદ્રોના નામો છે. તે માત્ર પ્રસિદ્ધ નામો જ આપ્યા છે, કારણ કે વર્ષ ૨૩ અંક ૧ પૃષ્ટ ૧૩ માં બધાં નામો આપેલ છે, જેથી ઉપરોક્ત અંકના ૭૪–૭૫ પાનામાં બધા નામો ન આપતાં માત્ર પ્રસિદ્ધ નામો આપ્યા છે છતાં ફરી તે નામો આપવાની માગણી થતાં નીચે મુજબ આપવામાં આવે છે.

પા. ૭૪ ૭ વારૂણીદ્વીપ–૮ વારૂણી સમુદ્ર–૧૧ ઘૃતદ્વીપ–૧૨ ઘૃતસમુદ્ર–
૧૩ ઇક્ષુદ્વીપ–૧૪ ઇક્ષુસમુદ્ર–૧૭ અરૂણદ્વીપ–૧૮ અરૂણસમુદ્ર–
૧૯ વારૂણદ્વીપ–૨૦ વારૂણસમુદ્ર ૨૧ મા પમાપવનદ્વીપ–૨૨ માનવનસમુદ્ર.
( જુઓ આત્માનંદ પ્રકાશ વર્ષ ૨૩ અંક ૧ પૃષ્ટ ૧૩ ટીપણી ).

૨—તેજ અંકના પા. ૭૪–૭૫ માં મૂળ. અને વર્ગ. ના સંકેતો શું છે તે અમોને પુછાવવામાં આવે છે તો તેનો ખુલાસો નીચે મુજબ છે.

વર્ગ–વર્ગમૂળ–ઘન–ઘનમૂળ એ ગણિતના સંકેતો છે તેમાંથી મૂળ રકમનો ઉત્તરોત્તર વર્ગો કરતાં કરતાં કયે વર્ગે કયા સંખ્યાંક આવે તે મેં લખેલ સંકેતમાંથી બરાબર મળી શકે છે જેમકે

મૂળ ૨ — આંક (૨)
×૨
વર્ગ–૧ ૪ — (૩)
×૪
વર્ગ–૨ ૧૬ — (૫)
×૧૬
વર્ગ–૩ ૨૫૬ — (૯)
×૨૫૬
વર્ગ–૪ ૫૬૫૩૬ — (૧૭)
×૫૬૫૩૬
વર્ગ–૫ ૪૨૯૪૯૬૭૨૯૬ — (૩૩)
×૪૨૯૪૯૬૭૨૯૬
વર્ગ ૬ ઠ્ઠો ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧ ૬૧૬ — (૬૫)
× એજ રકમ
વર્ગ ૭ મો ૩૪૦૩૦૨૩૨૩૬૮ ૨૦૯ ૩૭૯૫૭૫ ૬૫૬ ૨૪૫ ૩૭૪ ૩૧૮ ૬૮૨ ૧૧૪ ૫૬ — (૧૨૯)
× એજ રકમ
વર્ગ ૮ મો — (૨૫૭)

વિશેષ ખુલાસાની જરૂર હોય તો આ સભા મારફત અમોને પુછવું.

મુનિરાજ શ્રી દર્શનવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભદ્રેશ્વર–તીર્થ.

( લે૦ મુનિ દર્શનવિજય, મુંબઇ. )

કચ્છના પૂર્વ કીનારે પહેલાં ભદ્રાવતી નામે નગરી હતી. અહીંના માટે એવી દંતકથા છે કે વિજયશેઠ અને વિજયા શેઠાણી આ નગરના નિવાસી હતા. આ નગરનું બીજું નામ **ભદ્રેશ્વર** છે. ભદ્રેશ્વરનો એકવાર એટલો બધો વિસ્તાર હતો કે જેના એક ભાગમાં જૈન ઉપાશ્રય–મંદિરોની વિશાળ ભૂમિકા હતી. અત્યારના "વિમળવસહી" વિગેરે સ્થાનોની પેઠે એ જગ્યા **વસહી** એવા નામથી પ્રસિદ્ધ હતી.

એક કાળ ચોઘડીએ એ નગરનો વિધ્વંસ થયો છે. પરંતુ તેના શૂનશાન ચોગાનમાં રહેલ ઘંટારેણુંથી ગાજતું પર્વતની ખડક જેવું બાવન જીનાલયનું મંદિર અને થોડા મનુષ્યોની વસ્તીવાળું **વસઇ**[૧] ગામડું અત્યારે એ ભદ્રેશ્વરની પુરાણી ગૌરવતાને ગાઇ રહ્યું છે.

આ બાવન જીનાલય મંદિરનો ઇતિહાસ આ પ્રમાણે છે.[૨]

સંવત્ ૧૯૩૯ માં આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો ત્યારે મંદિરની પાછલી ભીંતમાંથી એક તામ્રપત્ર મળી આવ્યું હતું. જેની નકલ શ્રીમાન્ પૂ. પા. **વિજયાનંદસૂરીશ્વરજી** તથા રૉયલ એશિયાટિક સોસાઈટી–કલકત્તાના ઑનરરી સેક્રેટરી ડૉ૦ એ૦ ડબલ્યુ રૂડોલ્ફ હોર્નલ સાહેબ તરફ મોકલી હતી. જેઓએ જાહેર કર્યું કે આ લેખની લીપિ–બ્રાહ્મી–ખરૌષ્ટ્રી છે. જેમાં લખ્યું છે કે—

१ ठ० देवचंद्रीय श्री पार्श्वनाथदेवस्यतो ॉ २३ ॥

**અર્થ**—૧ આ ઉપક્રમનું ચિન્હ છે. ठ० એ व० કે व० નું ચિન્હ છે. જેથી વણીક એવો સંકેત કરેલ છે. देवचंद्रीय—દેવચંદ્ર સંબંધી. ( देवचंद्रीयं–દેવચંદ્ર શેઠે બનાવેલ અથવા દેવાલય ). श्री पार्श्वनाथदेवस्य–ત્રેવીશમા તીર્થંકરનું નામ છે. અહીં સંભવે છે કે–આગળના तो० શબ્દને સ્થાને इतः શબ્દને સ્પષ્ટ કરવા માટે અંતમાં स्य ને સ્થાને स्ये શબ્દ જોઇએ. तो ( इतः ) અત્યાર પૂર્વે. ०–આ પરસંબંધ સૂચક ચિન્હ છે. ॉ આ म નું ચિન્હ છે જે ઉપરથી ભગવાન્ મહાવીર એવો અર્થ નીકળે છે. ૨૩–વર્ષનો આંકડો છે.

---

૧–પ્રાચીન જીનમંદિરના ખંડિએરોવાળું કનકસેનનું કનકાવતી યાને ઓખામંડળનું વસઇ અને ભદ્રેશ્વરનું વસઇ તે જૂદા જૂદા સ્થાનો છે.

૨–આ લેખ ૧ જૈન તીર્થોનો ઇતિહાસ. ૨–તા. ૪–૬–૧૯૦૫ ના જૈન પત્રનો લેખ. ૩–૧૯૪૨ ના વૈ. શુ. ૧૫ ના જૈનધર્મ પ્રકાશ ૨) ૨) ના બે લેખો. તથા જગડુચરિત્રના ગુજરાતી પ્રસ્તાવના વિગેરેના આધારે લખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્—વણિક દેવચંદ્રે બનાવેલ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર જે પહેલાં ૨૩–વર્ષે ભગવાન ( મહાવીર ) હતા.

પૂ. પા. શ્રીમાન બિજયાનંદસૂરીશ્વરજી મ૦ સા૦ જણાવે છે કે સદરહુ મંદિર સંબંધી જીર્ણ ખરડારૂપ પુસ્તકમાં અને કચ્છભૂગોળમાં " वीरात् २३ वर्षे इदं चैत्यं संजातमिति–વીર પછી ૨૩ વર્ષે આ ચૈત્ય થયું છે " એવો ઉલ્લેખ છે.

આ તામ્રપત્ર–મૂળ લેખ કોની પાસે છે તે ચોક્કસ નથી. છતાં ભૂજપરના યતિ ( સુંદરજી કે તેમના શિષ્યો. ) પાસે હોવાનું સંભળાય છે. અને તેનો સંસ્કૃત તરજુમો મંદિરની દીવાલમાં લગાવેલ છે. એમ વૈદ્ય મગનલાલ ચુનીલાલની નોંધ છે.

આ પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિની અંજનશલાકા શ્રી સુધર્માસ્વામી ગણધરના હાથે થઇ હોય એમ સંભવિત છે. આ મૂર્તિમાં પ્રિયદર્શી સમ્રાટ્ **સંપ્રાત**ની મૂર્તિઓ જેવી ભવ્યતા છે, ચારેબાજુ પરિકર છે. અને આસનમાં સુશોભિત વેલ–બુટ્ટાનું ચિત્રામણ છે.

ભદ્રેશ્વરમાં ઐતિહાસિક દૃષ્ટિએ પ્રથમ મંદિર કયારે તૈયાર થયું તેની માત્ર આટલી યાદી મળી શકે છે એ સિવાય બીજા કાંઇ પણ પ્રાચીન આધારો મળી શકતા નથી તેમજ ત્યારપછી કયા કયા ઉદ્ધારો થયા તે પણ સ્પષ્ટ મળી શકતું નથી પણ ત્યાંના જીર્ણ શીલાલેખો ઉપરથી એમ માની શકાય છે કે–પરમાર્હત્ **કુમારપાળ** મહારાજે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે, અને સં. ૧૩૧૫ માં ગુજરાતના કુબેર ભંડારી [૩]**જગડુશાહે** પણ ઉદ્ધાર કરાવેલ છે.

ડૉ. બર્જેસ અને રાવ૦ દલપતરામ ખખ્ખરની યાદી પ્રમાણે તો જુના પત્થરો મજબુત હોવાથી પાયો ખોદી ખોદીને પણ બીજે સ્થાને લઇ જવાયા છે. એક થાંભલાપર સં. ૧૩૫૩ નો અને બીજા થાંભલાપર સં. ૧૩૫૮ નો લેખ છે. પરસાળના થાંભલાપર તદ્દન અસ્પષ્ટ લેખો છે. જેમાં સં. ૧૨૨૩–૩૨–૩૫, ના આંકડાઓ ઉકલે છે. પાછલી પરસાળની એક લાંબી શિલામાં સં. ૧૧૩૪ વૈ. શુ. ૧૫, શ્રીમાળી—દેહરૂં સમરાવ્યું—ભેટ કરી ઇત્યાદિ શબ્દો દેખાય છે, અને કેટલાક લેખો મરામત—ચુનામાં દબાઇ ગયા છે.

આ મંદિરનો સં. ૧૬૨૨ માં એક ઉદ્ધાર થએલ છે જ્યારે મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ કોઇ બાવાના કબજામાં હતી તે તેમણે આપી નહીં એટલે શ્રાવકોએ મૂળનાયક તરીકે મહાવીર દેવની મૂર્તિની સ્થાપના કરેલ છે. જેની અંજનશલાકા સં૦ ૬૨૨ માં થએલ છે. આ તરફથી પાર્શ્વનાથ પ્રભુની

૩ આ દાનવીર જગડુશાહની તારીફ ગ્રંથો–ચારણોદ્વારા બહુ થએલ છે. એક ચારણે કહ્યું છે કે—વિશળદેવે દાનશાળામાં તેલ બંધ કર્યું હતું તે જગડુને જીજી કેમ કહેવરાવે છે! વિશળદે વિરૂપું કરે, જગડુ કહાવેજી, તે નિવાર્યું ફલસીયું, એ પીર સાવેધા. ॥૧॥ (મ. ચુ. વૈદ્ય.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્તિ પણ શ્રાવકોને બાવા પાસેથી મળી એટલે તે મૂર્તિને મૂળમંદિરની પાછળની દેવકુલિકામાં સ્થાપેલ છે.

વળી પણ જૈનોની વસ્તીના અભાવે આ મંદિર ત્યાંના ઠાકોરોના કબજામાં ગયું અને કેટલેક વર્ષે શ્રાવકોએ પાછું પોતાના કબજામાં લીધું અને જીર્ણોદ્ધાર કરાવ્યો જે જીર્ણોદ્ધાર સં. ૧૯૨૦ માં દેશલિ ( રાવદેશલજીના પુત્ર ) રાવ પ્રાગમલજીના રાજ્યમાં થયો હતો. અંતિમ સમાર કામ સં. ૧૯૩૯ મહા શુદિ ૧૦ ને દીને માંડવી વાસી મોણસી તેજસીની પત્ની બાઇ મીઠીએ કરાવેલ છે અને ત્યાર પછી પણ કેટલોક કાળ સોનેરી રંગ રોગાનનું કામ શરૂ રહ્યું હતું.

અત્યારે આ મંદિર ૪૫૦ ફૂટ લાંબા, ૩૦૦ ફૂટ પહોળા, કંપાઉન્ડનાં મધ્યભાગમાં છે, તેની લંબાઇ ૧૫૦ ફૂટ, પહોળાઇ ૮૦ ફૂટ, અને ઉંચાઇ ૩૮ ફૂટ છે. મંદિરમાં ૨૧૮ થાંભલા છે. બન્ને બાજુ અગાશી છે, ફરતી પર દેરીઓ છે. પ્રવેશદ્વારમાંથીજ પ્રભુ દેખી શકાય એવી ગોઠવણી છે અને આગળના ભાગમાં સુંદર કમાનો તથા મનોહર મહેરાં કોતરેલાં છે. મંદિરના કંપાઉંડની ચારે બાજુ ધર્મશાળા છે ડાબી બાજુ ઉપાશ્રય છે અને ફરતો ગઢ છે.

આ તીર્થનો વહીવટ વર્ધમાન કલ્યાણજી નામની પેઢીથી ચાલે છે.

અહીં સં. ૧૯૪૨ સુધી દર વર્ષે ફાગણ શુદિ ૭–૮–૯ ને દિવસે મોટો મેળો થતો હતો જે હાલ ફાગણ શુદિ ૪–૫ નો ભરાય છે.

અહીંથી સમુદ્રમાર્ગે જામનગર બાર કોષ છે. જેથી પ્રાચીન કાળમાં જામનગર તથા ભદ્રેશ્વર વચ્ચે હટાણાનો વ્યવહાર હતો તથા અત્યારે પણ ભદ્રેશ્વરથી જામનગર સુધીનું ભોંયરૂં છે. જે હાલમાં પુરી દેવાયું છે એમ પણ સંભળાય છે.

યાત્રા કરવા જનાર તુણાબંદર, અંજાર, મુદ્રા અને વાંકી–પત્રી થઇ ભદ્રેશ્વરજી જઇ શકે છે.

ટુંકમાં કહીએ તો આ એક કચ્છનું તીર્થ ઐતિહાસાક અને પ્રાચીન છે.

## સુથરી–

ભદ્રેશ્વરની પંચ તીર્થિમાં **સુથરી** ગામ છે ત્યાંના ઉદ્દેશી નામના ગરીબ શ્રાવકને એક દેવે સ્વપ્ન આપ્યું કે—" તું સવારે રોટલાનું પોટલું બાંધી ગામબહાર જજે અને સામે જે મનુષ્ય આવે તેના માથે એક પોટલું હશે. તું તારૂં પોટલું તેને આપી તેનું પોટલું ખરીદી લેજે. એ પોટલામાંથી જે વસ્તુ મળે તેનાથી તું સુખી થઇશ. " આ સ્વપ્નું જોઇ ઉદ્દેશી શાહ જાગ્યા અને દેવના કહેવા પ્રમાણે કર્યું. જે પોટલામાંથી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ મળી. ઉદ્દેશી શાહે તે મૂર્તિને રોટલાના ભંડારીયામાં બેસારી. અને રોટલાનું ભંડારીયું પણ આ મૂર્તિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવે અખૂટ થઈ ગયું આથી ઉદ્દેશી શાહ ઘણો આનંદિત થયો. અને આ વાત કર્ણોપકર્ણ ગામમાં ફેલાણી.

સુથરીના એક યતીએ ઉદ્દેશી શાહને સમજાવી ઉપાશ્રયમાં મૂર્તિ મંગાવી એક સારા સ્થાનમાં પધરાવી; પરંતુ રાત્રિ પડતાંજ તે મૂર્તિ ઉદ્દેશી શાહના ભંડારીઆમાં જઈ પહોંચી. હવે યતિરાજે એક નાની દેરી બંધાવી જેના પ્રતિષ્ઠા મહોત્સવમાં સંઘે સ્વામીવાત્સલ્ય કર્યું. પરંતુ તે વખતે એક ઘીના કુડલામાંથી એટલું બધું ઘી નીકળ્યું કે જે જોઇ સર્વ કોઇને આશ્ચર્ય થયું. અને કુડલામાં હાથ નાખી તપાસ કરી તો ઉદ્દેશીશાહવાળી જીન મૂર્તિ કુડલામાં દેખવામાં આવી. આથી લોકોએ તે કુડલાનો કાંઠો કાપી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિને બહાર કાઢી અને તેનું **ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ** એ પ્રમાણે નામ રાખ્યું.

હવે સંઘને એમ લાગ્યું કે આ મૂર્તિ સંઘના મંદિરમાં બેસશે. તેથી ઉદ્દેશીશાહને ખુશી કરી મહોત્સવપૂર્વક તેની પ્રતિષ્ઠા કરી.

આ તીર્થ અત્યારે પણ "ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ" એવા નામથી પ્રસિદ્ધ છે.

## શ્રી મૂળચંદજીગણી અષ્ટક.

**મુનિ દર્શનવિજય.**

**जननमरण दुःख ध्वंसयत्नं मुनीन्द्रम् ॥**
**जिनपवचनयोगात् ध्वस्तमोहान्ध्यतंद्रम् ॥**
**भविककुमुदबोधप्रोल्लसन्मूलचंद्रम् ॥**
**प्रणतपरमपूज्यं तं सदा मूलचंद्रम् ॥ १ ॥**

**( હરિગીત. )**

શ્રી પંચનદીય શિયાલ કોટે ઓસવાળની જ્ઞાતિમાં,
નિવસે **સુખાશા** ને બકોરા શ્રેષ્ઠ દંપતી દીપતાં.
શુભ ભાગ્ય સૂચિત **મૂળચંદ્રજી** પુત્ર તસ ઘર અવતર્યો,
તે વિજયધારી મુક્તિગણિ જયવન્ત હો જયવન્ત હો. ૧

મોટો થતાં નિશાળમાં મૂકયો પિતાએ હર્ષથી,
જ્ઞાની થયો મુળચંદ્ર ત્યાં જાણે પૂરવ સંકેતથી.
ઉપદેશ પામી ગુરૂ થકી વૈરાગ્ય રસ તસ ઉછળ્યો,
તે વિજયધારી મુક્તિગણિ જયવન્ત હો જયવન્ત હો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિન એક બુટેરાયજી શિરદાર ઢુંઢક મત તણા
પ્રેમે પધારે શ્યાલ કોટા દિએ રામ રસ વાંચના.
મુનિ માર્ગ હેતે મૂળચંદ્રે તેની પાસે આદર્યો
તે વિજયધારી મુકિતગણિ જયવન્ત હો જયવન્ત હો. ૩

ગુરૂ શિષ્ય પંથ કુપંથ પેખી કરે સન્મત વાસના,
ગણિ મણિ વિજયની પાસ આવી કરે દિક્ષા યાચના;
બુદ્ધિવિજય મુકિતવિજય એ નામ રાખે ગુરૂવરો,
તે વિજયધારી મુકિતગણિ જયવન્ત હો જયવન્ત હો. ૪

ગણિ મણિવિજય બુદ્ધિવિજય મુકિતવિજય યોગીશ્વરા.
વિચરે જીવોને બોધ દેવા ગુર્જરી પાવન ધરા;
શિષ્યો થતાં મુકિત મુનિએ યોગ પંથને આદર્યો,
તે વિજયધારી મુકિતગણિ જયવન્ત હો જયવન્ત હો. ૫

ગણિપદ સમર્પ્યું સકળ સંઘે મુકિતવિજય મુનીશને,
તે પણ એ પદથી શોભતા મુનિ ચક્રવર્તિની પરે;
શ્રી તપ્પગચ્છ વિજય પતાકા ફેરવે જગમાં અહો,
તે વિજયધારી મુકિતગણિ જયવન્ત હો જયવન્ત હો. ૬

શ્રી જૈનશાસન આંગણામાં કલ્પતરૂ સમ દીપતાં,
સ્યાદ્વાદ તત્વ વિકાસવામાં નિત્ય તત્પર જે હતા.
મદ મસ્તવાદિ જીપવામાં તિક્ષ્ણ બુદ્ધિનો ઝરો,
તે વિજયધારી મુકિતગણિ જયવન્ત હો જયવન્ત હો. ૭

સદ્ધર્મમાં આણ્યાં બહુ સંયમ સમર્પ્યો કેઇને,
વળી યોગમાર્ગે તો સ્થાપિયા ને કેઇને તો સુર પદે;
સહુ જીવમાં સદ્ધર્મ બીજો રોપતાં શમ રસ ભરો,
તે વિજયધારી મુકિતગણિ જયવન્ત હો જયવન્ત હો. ૮

એ યોગિવર સ્વર્ગે સિધાવ્યા મૂકી સહુ સંઘાતને,
વદિ માગશરમાં છઠ્ઠ દિવસે તાસ ગુણ અતિ સાંભરે;
ગણિ મુકિતવિજય મુનીશ નિશદિન સંઘમાં જયજય કરો,
મુકિતવિજય ગણિવર્યને અતિ પ્રેમથી વંદન હજો. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સખાવત.

જૈનોએ સખાવતના કાર્યમાં નાણું અર્પણ કર્યું અને પુન્ય ઉપાર્જન કર્યું એવી માન્યતા ભુલભરેલી છે એવું અગાઉના લેખમાં જણાવ્યા પછી લખવાની જરૂર પડે છે કે ખરેખર ઠેકાણે જે નાણું આપવામાં આવ્યું ન હોય અને તેની જાતિ દેખરેખ ન રાખી શકાય તો કુદરતી રીતે ખરેખરી હાડમારી ભોગવતા જ્ઞાતી બંધુઓના હક ઉપર લક્ષ આપવામાં આવ્યું નથી તે દેખીતી વાત છે અને આવી જાતનો ખરા જરૂરીઆત વાળા ભાઇઓના હક ખુંચવી લેવાની બેદરકારી માફ ન થઇ શકે તેવી છે. સૌથી મોટો પ્રશ્ન વસ્તીના ઘટાડાને લગતો છે. જૈનોનું મરણ પ્રમાણ બીજી કોમોની સરખામણીમાં ભયંકર આવે છે; છેલ્લાજ દાયકામાં લગભગ સીતેર હજાર જેટલા મનુષ્યોની સંખ્યા ઘટી જવાને લીધે હમેશના ઓગણીશ મરણો જૈનોમાં થાય છે. આ સવાલ કાંઇ અમુક શહેર, પ્રાંત અથવા તો ઇલાકાને લાગુ પડતો નથી પરંતુ આખા હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસાયેલ જૈનકોમને લાગુ પડે છે. કોઇ પણ કોમ અથવા પ્રજાનું બળ કેટલું છે તે તેની સંખ્યા બળથી જાણી શકાય છે છતાં જૈનોમાં પાંચમની છઠ કોઇ કરનાર નથી તેવી માત્ર માન્યતાએ એટલા બધા નિર્બળ બનાવી દીધા છે કે કેવળ ભાવી ઉપર આધાર રાખીને બેસી રહેવાથી કાંઇ ફાયદો થનાર નથી; ઉપર પ્રમાણે વસ્તીનો ઘટાડો થતો હોવા છતાં કોમની આરોગ્યતાને લગતા સાધન પૂરા પાડવાની ફીકર કોને છે ? કોમની હયાતીનો પ્રશ્ન એક મહાન છે અને આવી જાતના એક સવાલને અભરાઇએ ચઢાવી મૂકવાથી બીજી કોમોના પ્રમાણમાં આપણે કેટલા બધા પછાત છીએ તેનો ખ્યાલ સહેલાઇથી આવી શકે તેમ છે; કેવળ ભાવી ઉપર આધાર રાખી બેસી રહેવાથી જે અસહ્ય દરદો બીજાની સહાયતા વિના ભાગ્યેજ સારા થઇ શકે છે તે કદિ બનવા પામત નહી; તેટલાજ માટે ભાગ્ય ઉપર આધાર રાખીને બેસી નહીં રહેતા ખાસ ઉપચારો કરવાની જરૂરીઆત ઉપર જુનામાંજુના વિચાર ધરાવનાર વર્ગને પણ શ્રદ્ધા બેસતી જાય છે તે જમાનાની અસરજ દેખાડી આપે છે; પૂજ્ય મુનિ મહારાજો પણ તેની આવશ્યકતા કોઇ કોઇ જગ્યાએ સ્વીકારતા થયા છે તે પણ શુભ ચિન્હ છે. થોડાજ માસ પહેલાં મુંબઇ શહેરમાં વસતા એક મુની મહારાજે “ ઓપરેશન કરાવ્યું હતું અને તબીયત સુધરતા તેઓની ખાતરી થયેલ હોવી જોઇએ કે **દાકતરો** પણ સમાજની ઉન્નતિના કાર્યમાં ભાગ લેનાર એક સમાજનું ઉપયોગી અંગ છે; આટલું છતાં કોમની તંદુરસ્તીના હિતાર્થે કોઇ પણ પૂરતાં સાધનવાળી એક પણ સંસ્થા જૈન કોમ હૈયાતી ધરાવતી નથી તે ઓછું શોચનીય નથી, કોમની હસ્તીના સવાલને આવી રીતે ગુંગળાવીને મારી નાંખવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું ફાયદો થવાનો છે ? કદાચ ગામડાને બાજુએ મૂકીએ તો શ્રીમંતોથી વસાયેલ શહેરોમાં પણ પૂરતાં સાધનો ધરાવનાર દવાખાનાઓ, હોસ્પીટલ, અથવા તો મેટર્નીટી હોમ્સ જેવા ખાતાઓ ભાગ્યેજ છે. આજે કોમના હિતના પ્રશ્નનો ઉકેલ કરનારા તરીકે દાવો કરનારાઓ; કોઇ પણ સંસ્થા તરફથી પ્રચારનું કાર્ય થતું હોય તેમાં અમારો હિસ્સો છે અને અમને વિશ્વાસમાં લેવાની જરૂર છે એવી માન્યતા જનસમૂહ સન્મુખ રજુ કરવા જૈનોની હીલચાલમાં માથું મારવા તૈયાર થાય છે. પરંતુ દિનપ્રતિદિન કોમનું સંખ્યાબળ કેવળ ઘટતું જાય છે; જૈન ભાઇઓના આંતરિક જીવનમાં અત્યારે કયે ઠેકાણે સડો પેઠો છે અને તે સુધારવા કયા ઉપાયો કામે લગાડી શકાય તે વિષે ભાગ્યેજ દરકાર કરતા હોય તેમ માલુમ પડે છે. દરેક જણ પોતાની મહત્વતા અને મોટાઇ તેમજ કીર્તિના લોભે શાસન સેવાના કાર્યમાં ભાગ લેવા તૈયાર થઇ જાય છે, પણ કોમની સામાન્ય અને મધ્યમ વર્ગની શું સ્થિતિ છે, તેઓ પોતાનું ગુજરાન કેવી રીતે કરે છે અને કયા પ્રકારની કેવી મુશ્કેલીઓ કોમની ઉન્નતિના માર્ગમાં આડે આવી સંસ્કારી જીવનમાં પેઠેલો સડો પ્રધાનપદ ભોગવે છે તેની ભાગ્યેજ કોઇ દરકાર કરતું હોય તેમ માલુમ પડે છે. કોમની વસ્તીના ઘટાડાના પ્રશ્નને લગતી કોને પરવા છે ? અવાજ કરનાર તરફથી બહુજ પોકાર કરવામાં આવે એટલે કમીટી માર્ફતે રીપોર્ટ કરાવવાથી કોમનું દળદર શુ ફીટયું ? અફસોસની વાત છે કે એક મહાન પ્રશ્નને હાથે કરી મારી નાખવામાં આવ્યાથી ભવિષ્યની જૈન પ્રજાને ઘણુંજ શોસવું પડશે; સેંકડો સુપુત્રો મદદવગર અણધાર્યા મરણને શરણ થાય છે; ન્યુમોનીઆ અથવા એવા અનેક ઉડતા રોગોના સેંકડો જૈનો ભોગ થઇ પડે છે તો આવી જાતની આફત માટે જૈન કોમમાં કયું સાધન છે ? એક પણ એવું જાહેર ફંડ નથી કે જે ઠેકાણે કુદરતી આફત અથવા તો એકાએક ઉડતા રોગના ફાટી નીકળવા વખતે કોમના એવી જાતના જરૂરીઆતવાળા ભાઇઓ જઇ શકે ? આવી જાતના તાત્કાલીક કાર્ય માટે એક ધરખમ ફંડ હોવું જોઇએ કે અરધી રાત્રે કામ આવે. આજે કોમને રાહત મળે એવી રીતે ભાગ્યેજ પૈસો ખર્ચાય છે; ફક્ત સખાવતી ખાતાઓ નિભાવવા સારૂ મોટી રકમોનો ઉપયોગ થાય છે; માટે કેળવણીના પ્રશ્નને માટે જૈનો પૈસો ખર્ચે છે; પરંતુ હજી સુધી એવા વિદ્વાન કે કેળવણીવાદીઓ ભાગ્યેજ જોવામાં આવે છે કે જેઓએ હુંસા તુંસી સિવાય અને સરલતાથી કોમની એક સરખી દીલસોજી ખેંચી હોય ! ! કેળવણીના ક્ષેત્રમાં પણ આપણને જોઇએ તેવા પ્રવીણ માણસો હજી સુધી ભાગ્યેજ દૃષ્ટિગોચર થાય છે. પારસી કોમ આજે પંચાયત ફંડ જેવી યોજનાથી અનેક ખાતાઓ નીભાવે છે અને તેના દરેક ખાતામાં જુદી જુદી વ્યવસ્થા પૂર્વક કાર્ય કરી એક જબરજસ્ત ફંડ એકઠું કરી શકી છે અને જુદા જુદા ખાતાઓ માર્ફતે સર્વે સખાવત કરનારની નાણા સંબંધી વ્યવસ્થા એકજ સરખી રીતે ચલાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતા ભાગ્યેજ સખાવતનો દુરૂપયોગ થઇ શકે છે; લડાઇ પછીના ખર્ચો વધતા ગામડામાં વસ્તી ઘટી જઇને શહેરોમાં વસ્તીનો એટલો મોટો વધારો ધંધા રોજગારના અર્થે થતો જાય છે કે અત્યારે શહેરોમાં સામાન્ય અને મધ્યમ વર્ગને માટે રહેવાના મકાનો પણ સસ્તા અને સહેલાઇથી મળી શકતા નથી. મોટા મોટા શહેરમાં આ કાંઇ ઓછું હાડમારી ભરેલું નથી, છતાં આવી જાતના દુ:ખો નિવારણ કરવાનું કોને સૂઝે છે ? આજે કમાવાની શક્તિ જોતજોતામાં ઘટતી જાય છે, ખર્ચોમાં ન ધારેલો વધારો થતો જાય છે અને કોમમાં સુખાકારી બગડેલી હોવાથી અનેક કુટુંબોમાં આજારીપણું ચાલુ રહ્યાજ કરે છે. આટલું છતાં ઘરોના દુકાળને લગતો પોકાર જેવો ને તેવો ચાલુ જ છે. ખુદ મુંબઇ શહેરનો દાખલો લઇએ તો માલુમ પડશે કે થોડા વર્ષો પહેલાં જૈન સેનેટેરી એસોસીએશન જેવી સંસ્થા હયાતીમાં આવી, લવાજમ ઉપર આધાર રાખી જૈનોની હાડમારી થોડા વખત માટે દૂર કરી પરંતુ લવાજમની સીસ્ટમ ટકી ન રહેવાથી અત્યારે બંધ જેવી સ્થીતિમાં છે, છતાં પણ અમુક રકમ અત્યારે બચત રહી ગયેલ છે તેમજ અમુક જગ્યાએ ઇન્ફ્લ્યુએન્ઝાના વખતમાં કાઢવામાં આવેલ જૈન હોસ્પીટલના વખતથી કાંઇ પણ રકમ ફાજલ પડેલ છે; આટલું હોવા છતાં જો કાર્યવાહકોને સદ્બુદ્ધિ સુઝે અને થોડી ઘણી મદદ મેળવી જો વ્યાજમાંથી ચલાવી શકાય તેવું નાના પાયા ઉપર પાયધુની જેવા લતા ઉપર એક સારામાંસારા દવાખાનાની યોજના ચાલુ કરે તો આશિર્વાદ ભર્યું થઇ પડશે. આટલું લખવા છતાં છુટી છવાઇ રકમો જેને તેને આપી દઇ ફંડને ખલાસ કરવામાં આવે તો તે કાંઇ આનંદ ઉપજાવે તેવી બીના નથી. જૈનોમાં હજુ પણ લાખોની દોલત ધરાવનાર શ્રીમંતો છે અને વ્યાજના લોભની આશા રાખ્યા સિવાય પણ જૈનોને સુખાકારી મકાનોમાં રહેવાની રાહત આપી શકે. પણ આજે કોમના કાર્યને ખીલવે છે કોણ ? સખાવતનો પૈસો ઘરોનો દુકાળ દૂર કરવામાં અત્યાર સુધીમાં જો કેટલે અંશે પણ વપરાયો હોત તો આજે સેનેટેરીયમ, હોસ્પીટલ, દવાખાના અથવા મેટર્નીટી હોમ્સ જેવા ખાતાની જરૂરીઆત માટે લખવાની જરૂર રહેત નહિ. ધનને સાચવી રાખનારને ઉદ્દેશીને **કાઉપર** નામનો એક વિદ્વાન કહે છે કે, "લોકો તને ધનવાન કહે છે હું તને ગરીબ કહું છું" કારણકે જો તું તારા દ્રવ્યને સાચવી રાખે અને તેનો ઉપયોગ નહિજ કરે તો તેં તે દ્રવ્ય બીજા તારા ભવિષ્યના વારસો માટે રાખેલું હોવાથી તું ગરીબજ છે; અને તે દ્રવ્ય ઉપર તારો હક્ક નથી એવુંજ છે; પણ ખરો હક તો તારા વારસોનોજ છે. જો કોમના આગેવાનો કોમની દાઝ અંત:કરણમાં રાખતા હોય તો પોતાની કોમને ખડક સાથે અથડાવી ડુબાડી નહિ દેતા બચાવવાની દુરંદેશી વાપરી શકે અને ખરા વ્યવહારીક કાર્યો હાથ ધરે તો બીજાઓ પણ ટેકો આપે અને કોમની ઉપરની હાડમારી દુર થઇ શકે, પણ અફસોસ એટલોજ થાય છે કે જેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનવાન છે તેઓ આજે પૈસાના બળે કોમને દુર કરી બેઠા છે, પણ એ દોલત ઉપર કુદરતી રીતે કોમનો હક્ક છે કાં કે કોમી પૈસો કહેવાય; આજે કોમમાં આશ્રિત વર્ગ કેટલો મોટો છે તે કાંઇ શ્રીમંતોથી અજાણ્યું નથી તેટલાજ માટે તેઓએ પોતાના સ્વમાનની ખાતર પણ જ્ઞાતિ બંધુઓને નોકરી ચાકરીએ રાખવા જોઇએ મદદ આપવી જોઇએ–અને બીજાઓ પણ મદદ કરે એવા કામો ચાલુ રાખવા સૂચના કરવી જોઈએ–આ બાબત વિચાર કરી પોતાની ક્ષણભંગુર દેહનો કાંઇક ખ્યાલ કરે–પોતાની ગરીબો પ્રત્યેની સુગ અને ગુમાનીપણું દુર કરે–અને તેઓના ભીતરના સંકટો જુએ તો જરૂર તેઓ ઘણું કરી શકે તેમ છે. એવો વખત પ્રભુ કયારે દેખાડે કે આવા શ્રીમંતો જ કોમની આગેવાની લે? એટલા જ માટે શ્રીમંતોએ વિશ્વાસની નજરથી જોઇને ભવિષ્યની જૈન પ્રજાના હિત માટે પણ બહાર આવવું જોઇએ છે. (ચાલુ)

"જૈન"

## મંત્રીમુદ્રા.

### પ્રકરણ ૪ થું.

(ગતાંક પૃષ્ટ ૧૧૨ થી શરૂ.)

### ભેદી મામલો.

આજે ગંગા નદી પર પ્રજાની વિશાળ મેદની જામેલી છે. એક તરફ રાજા અને મંત્રી રાજમંડળ સહિત બેઠેલા છે ને કોઇની આવવાની રાહ જોવાતી હોય એમ દરેકના મુખકમળ પર ઉત્સુકતા જણાતી હતી. ક્ષણવારે તેમાંથી કેટલાક માણસો પરસ્પર ધીરે ધીરે વાતો કરવા લાગ્યા. એક બોલ્યો, આજે આ મહારાજા નંદ વિગેરે અહિં કેમ આવેલ છે? બીજો બોલ્યો, આ ૧૦૮ સોના-મહોરોની થેલી આપે છે તે જોવા માટે રાજાધિરાજ અહિં પધારેલ છે.

ત્રીજો બોલ્યો, પંડિતજી તો સરસ્વતિપુત્ર છે, એને ગંગાજી પ્રસન્ન થાય એમાં નવાઇ શું છે? જ્ઞાની પુરૂષોને દેવદેવીઓ તો સાનિધ્યમાંજ રહે છે. આ પ્રમાણે દરેક વ્યક્તિઓ જુદી જુદી રીતે મનમાનતી વાતચીત કરતા હતા. એટલામાં એક વ્યક્તિ આવતાં દરેક ઠેકાણે તુરત શાંતિ પ્રસરવા લાગી. આ આવનાર વ્યક્તિ તે પંડિત વરૂરૂચિજ હતા.

પંડિત વરૂરૂચિજી વિશાલ જનસમુહને પોતાની સ્તુતિ સાંભળવા આવેલા દેખીને ઉંચે સ્વરે ગંગાજીની અભિમાનથી સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતાંજ લોકો જોવા લાગ્યા કે કોથળી ક્યાંથી આવે છે. પરંતુ સ્તુતિ પુરી થઇને ઘણો વખત થઇ ગયો તોપણ કોથળી કોઇના જોવામાં આવી નહિં, પંડિતરાજ પણ વિચારમાં પડી ગયા, કે ધનની કોથળી કેમ આવી નહિં. અંતે પંડીતજીએ નીચે પાણીમાં બેસી કોથળી શોધવામાં ઘણી મહેનત કરી, પણ પંડિતજીનો સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયો, જેથી પંડિતરાજ વિમાસણમાં પડ્યા, આ વખતે મંત્રી બોલ્યો કે પંડિતરાજ ? કોથળી મળવાને કેટલી વાર છે, ગંગાજી માતાની આટલી બધી સ્તુતિ કરતાં પણ આજે કેમ તમોને પ્રસાદી નથી આપતા ? પંડિતે તો કાંઇ ઉત્તર ન આપતાં મૌનજ ધારણ કર્યું.

વળી મંત્રી બોલ્યો કે—નવું ધન આપવું તો રહ્યું, પણ તારી થાપણ તરીકે રાખેલું દ્રવ્ય પણ ગંગાજી ન આપે ? એમ આજે કેમ બન્યું છે ? પંડિત બોલ્યા, કંઇ સમજાતું નથી આજ સુધી ગંગાજી મારી માગણી પુરી કરતા હતા, પણ આજ માગ્યું આપતા નથી. આમાં માત્ર મારા ભાગ્યનોજ દોષ છે. એટલે મંત્રીએ પોતાના એક નોકર પાસેથી સોનામહોરની થેલી લઇ સર્વ સમક્ષ પંડિતજીને આપી કહ્યું કે પંડિતજી આ થેલી કોની છે ? કોથળી દેખી પંડિતજી ખસિયાણા પડી ગયા, વળી પંડિતજીને વિચાર થયો કે આ થેલી મારી છે એમ કહેવાથી માનહાનિ થશે, ને મારી નથી એમ કહેવાથી થેલી હાથમાંથી જતાં ધનહાનિ થશે. એટલે માનહાનિ થાય તો ભલે પણ લક્ષ્મી સમુળગી જાય એ તો ઠીક નહિં એમ ચિંતવી ઉંચે સ્વરે બોલ્યો કે, આ સોનામહોરની કોથળી મારી છે, આ સ્થિતિ જોઇ મંત્રીરાજને ઉદ્દેશીને રાજા બોલ્યો કે આ કોથળી તમારી પાસે ક્યાંથી ? વળી પંડિતરાજ કહે છે કે તે મારી છે તો આ શું ચમત્કાર છે ?

મંત્રી બોલ્યો—"મહારાજ, કાલે તમોએ મને કહ્યું હતું કે પંડિતજીને ગંગા તરફથી ધનપ્રસાદી મળે છે. તે જોવા કાલે સવારે જઇશું, એટલે કાલ સાંજથીજ મેં મારા ગુપ્ત પુરૂષોને અહિંના બનાવો જોવા મોકલ્યા હતા. તેઓએ આખી તપાસ કરી તો નદીમાં પંડિતજીએ એક યંત્ર ગોઠવ્યું છે, જે યંત્રનો એક છેડો નદીમાં આ કાંઠે પાણીમાં ડુબેલો છે. ને બીજો છેડો નદીના મધ્ય ભાગમાં છે. તે યંત્રને પગે દાબતાંજ યંત્રને બીજે છેડે મુકેલો પદાર્થ ઉડીને બહાર પડે છે. આ પ્રમાણેની યુક્તિ જોઇ તે ગુપ્તપણે સંતાઇ ગયા. એટલે પંડિતજી પણ રાત્રે અહિં આવી અહિં કોઇ માણસ નથી એમ સમજી આ કોથળી મુકી ગયા. જેથી તે ગુપ્ત પુરૂષોએ તે કોથળી લઇ મને અર્પણ કરી હતી, ને દરેક બીના મને કહી સંભળાવી હતી, આજે સવારે પંડિતજીની નિપુણતા જોવા હું પણ આ કોથળી લઇને આપ સાથે આવ્યો છું, પછી શું બીના બની તે આપ જાણો છો. આ સર્વ વાત સાંભળી રાજા અને લોકોએ તેને ધિક્કારી કાઢ્યો, ને સર્વ પોતપોતાને સ્થાને ગયા.

હવે તો પંડિતજી મંત્રીનું વેર વાળવા તૈયાર થયો ને મંત્રીનું છિદ્ર જોવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો " કયો સમર્થ પુરૂષ પોતાના હરીફને પરાસ્ત કરવામાં પોતાની શક્તિનો ઉપયોગ નથી કરતો " વરરૂચિ મંત્રીના ઘરની એક દાસીને ધન આપી મંત્રીનો ઘાટ ઘડાવવાના વખતની રાહ જોવા લાગ્યો.

## " પ્રકરણ ૫ મું. "

### " કાવત્રું "

વરરૂચિના ઈર્ષ્યાના ધુંધવાટની આજે શાંતિ થવાની હતી, વરરૂચિએ જે શકડાલ મંત્રીના નાશનાં બીજો વાવ્યાં હતાં, તેનાં ગઇકાલેજ ફુલો આવ્યાં હતાં. આજે કાચું ફલ આવ્યું હતું જે એકાદ બે દિવસ જાય તો ફળ પાકતાની સાથે સદંતર મંત્રીના આખા કુટંબનો નાશ થાય. એ સંભવિત હતું. આ સ્થિતિનું મંત્રીને સંપૂર્ણ ભાન હતું તેથી માત્ર કાચા ફળથી થવાની લઘુ હાનીનેજ પોતે પસંદ કરીને અગમચેતી બુદ્ધિથી તે પસંદગીનો તુરત ઉપયોગ કર્યો.

મંત્રી શકડાલે રાજસભામાં પ્રવેશ કરી જેવો રાજાને નમસ્કાર કર્યો કે તુરત પછવાડેથી એક યુવકે આવી ગળામાં ખડગપ્રહાર કરી મંત્રીના બે ટુકડા કરી નાખ્યા ( ખડગ પ્રહારથી મંત્રીના ધડ મસ્તકને જુદા જુદા કરી નાખ્યા ) આથી એકદમ ચકિત થઇ રાજા બોલ્યો કે હે શ્રીયક ? આ તેં શું કર્યું ? વૃથા પિતૃ હત્યાનું પાપ ? આ દુષ્કાર્ય ? તારા જેવા ચતુરની આવી મોટી ભૂલ ?

શ્રીયક બોલ્યો—પ્રભુ, નૈતિક નિયમ છે કે સ્વામીના દ્વેષિનો સદંતર નાશ થવો જોઇએ. આપની દૃષ્ટિએ જ્યારે મારા પિતાજી દોષીત ઠર્યા. તો આપના ચિત્તને અનુસરનાર મારા જેવા સ્વામિ ભકતે પિતૃઘાત કરવામાં વિચારવાનું હોયજ નહિ.

રાજા બોલ્યો—વત્સ ! તારા પિતાની શું ભૂલ છે ? વસ્તુસ્થિતિ શું છે ? શ્રીયક બોલ્યો, રાજન, મારા લગ્નની ધામધુમમાં અનેક તૈયારીઓ થઇ રહી છે. મકાનો ધોળવાય છે. રંગબેરંગી ચિત્રો આલેખાય છે, પાણી છંટાય છે, ફુલકુંડાં ગોઠવાય છે અને શસ્ત્રાસ્ત્રો સજવાની તૈયારી થઇ રહી છે. છેલા દિવસોમાં આ પ્રમાણે મારા કુટુંબમાં અતુલ આનંદની છોળ ઉછળી રહેલ છે. પણ કાલે મારા પિતાજીએ ઓચિંતા રાજસભામાંથી આવીને સભય વદને મને જણાવ્યું કે વત્સ, રાજાના મુખદર્શનથી અનુમાન થાય છે કે કોઇ વૈરીએ મારા વિષે મહારાજાના કાન ભંભેર્યા છે, અને તેના પરિણામમાં આપણા કુળનો અકસ્માત ક્ષય થવાનો વખત આવી પહોચ્યોં લાગે છે, મેં કહ્યું, પિતાજી, એમાંથી કુટુમ્બ રક્ષણ કરવાનો કાંઇ ઉપાય નહિં હોય ?—આપના બુદ્ધિ વૈભવમાં આખા રાજ્યતંત્રનું પોષણ સમાયેલું છે તો કુટુમ્બ રક્ષણ જેવી નજીવી બાબતનો માર્ગ આપનાથી અજ્ઞાત હોય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ મને લાગતું નથી. મારા પિતાજીએ કહ્યું વ્હાલા શ્રીયક ? સર્વ કુટુમ્બનું રક્ષણ થવું મુશ્કેલ છે પણ **कुलस्यार्थमेकंत्यजेत्** એ કથનાનુસાર માત્ર મારા એકના નાશથી સર્વ કુળનું રક્ષણ થઈ શકે તેમ છે, જો કે અઘોર કૃત્યની અનુમતીમાં તારૂં મન અચકાશે, પણ તેમ નહિં કરવાથી સમસ્ત કુળનો નાશ થશે અને વૈરીના મનોરથો ફળશે માટે આવતી કાલે જ્યારે હું રાજાને નમન કરૂં ત્યારે મારૂં મસ્તક તારે છેદી નાખવું ને કહેવું કે "સ્વામીનો દ્રોહ કરનાર પિતા પણ વધ્ય છે" વળી હું મુખમાં કાળકુટ ઝેર રાખી રાજાને નમીશ એટલે વિષવ્યાપ્ત મારા દેહપર તું ઘા કરીશ—મને હણીશ તો પણ તને પિતૃહત્યાનો દોષ લાગશે નહિં. આ પ્રમાણેના મારા પિતાના આગ્રહથી મેં તેમની વાત અંગીકાર કરી ને આજે નિર્ભાગ્ય શેખર એવા મારા હાથે મારા પિતાનો વધ ( મારા પિતાના સ્વામીદ્રોહનું ફળ ) આપ જોઇ શકયા છો.

રાજા બોલ્યો, વત્સ, "કાલે કેટલાક બોલતા હતા કે" શકડાલ મંત્રી નંદ રાજાને મારી શ્રીયકને ગાદીએ બેસાડશે પણ આ વાત રાજા જાણતો નથી એ નાગર મંત્રી પોતાના કુટુમ્બ પેટ ભરશે જે માટે રાજાને ખુવાર કરશે, આ વચનો સાંભળી દેવ વાણીની પેઠે બાલ પ્રવાહ નિષ્ફલ ન હોય એમ ધારી ઇતિવૃત જાણવા માટે મેં તારા ઘેર તપાસ કરાવી, પરંતુ તારે ઘેર શસ્ત્રાસ્ત્રની તૈયારી થતી હોવાથી બાલકોના વચન ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ આવ્યો, ને તેથીજ તારા પિતાને દેખી કાલે મને ક્રોધ વ્યાપી રહ્યો હતો. પરંતુ તારા કહેવાથી સમજી શકાય છે કે ત્હારા લગ્નના પ્રસંગે હથીયારો સજાય છે, આ પ્રસંગનો લાભ લઇ કોઈ કાવત્રાખોરે તારા પિતાનો નાશ કરવા આ પ્રપંચબાજી રચી લાગે છે, પણ આ પ્રમાણે ધૃષ્ટતા કરનાર કોણ છે ને તેનો હેતુ શું છે તે સમજવાની જરૂર છે. આ પ્રમાણે રાજા બોલી મૌન રહ્યા. સભામાં શોકની છાયા પ્રસરી વળી, કોઇ પણ બોલતું ન હતું, દરેકના મુખ ઉપર નિરાશાના ચિન્હો પ્રકટ થતા હતા, આ વખતે એક વ્યક્તિના હૃદયમાં જ આનંદની લહરીઓ ઉછળતી હતી—આ આણંદવ્યકિત તે આપણા પંડીતરાય વરૂચિ હતા.

ટુંક સમય જતાં એક કિશોર બાળક ઉભો થઇ રાજસભાની નિરવતામાં ભંગાણ પાડતો બોલ્યો કે, મહારાજા આપણા પંડિત વરૂચિજી બાળકોને ચણા આપી હંમેશાં ગોખાવે છે કે "શકડાલ મંત્રી શ્રીયકને ગાદીએ બેસાડશે" ને તેથી બાળકો પણ ચણા ખાતાં ખાતાં એમ બોલે છે. આ વચનો બહાર પડતાં, પંડિતજીના આણંદમાં અગ્નિ હોમાયો ને આનંદને ઠેકાણે ક્રોધની જવાળા દેખાવા લાગી, રાજાએ પણ તે વચનો સાભળી પંડિતને પૂછયું કે કેમ તમોએ આ કાર્ય કર્યું છે ? પંડિતજી બોલ્યા કે મહારાજા એ મારી ભૂલ થઈ છે, મારી ભૂલ માફ કરો, ક્રોધવશ માણસ શું નથી કરતો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા બોલ્યો હે વરરૂચિ, ત્હારા દંભનો પડદો તોડનાર આવા બુદ્ધિશાળી પુરૂષને કપટના પંજામાં ફસાવી ત્હેનો નાશ કર્યો અંતે કેવી ધૃષ્ટતા કરી છે, ત્હારા જેવા પુરૂષની હયાતી એ મારા દેશના કલંકરૂપ છે, માટે હું તને ફરમાન કરૂં છું કે તારે મારા રાજ્યનો ત્યાગ કરી ચાલ્યા જવું.

એમ કહી રાજા રાજસભામાંથી બહાર નીકળ્યો. ( ઈ. સ. ૩૮૦ ) એક તરફ શ્રીયકે પણ પોતાના પિતાનો અગ્નિ સંસ્કાર કર્યો.

કેટલાક દિવસ પછી રાજાએ શ્રીયકને બોલાવી કહ્યું કે હે શ્રીયક, મારી અજ્ઞાનતાના લીધે મને મોટી નુકશાની મળી છે.

મહાન શકિતશાળી મારી જમણી ભૂજારૂપ તારા પિતાનો હવે રાજ્યમાં અભાવ થયો છે, આ યાદી મને ક્ષણે ક્ષણે ખેદ ઉપજાવે છે. જે તેની સામે આખા રાજ્યની ચિંતા કરવાનું કામ પણ મારી ઉપર આવી પડયું છે, માટે તારા પિતાનું મંત્રીસ્થાન તું શોભાવ, એવી મારી ભાવના છે. રાજ્યનો હિત પ્રેમ, ને કૃતકૃત્યતા તારામાં સ્પષ્ટ તરી આવે છે, તેથી તું મંત્રીપદને સંપૂર્ણ યોગ્ય છે, તો તું મંત્રીમુદ્રા ગ્રહણ કર.

શ્રીયક બોલ્યો, મહારાજા મ્હારે મોટાભાઇ છે ને તે મારા પિતાની અનુજ્ઞાથી કોશ્યા ગણીકાને ત્યાં નિવાસ કરી રહેલ છે તે મંત્રીપદને યોગ્ય છે, તો તેમને મંત્રીમુદ્રા આપો.

આ વચનો સાંભળી શ્રીયકના વિનય તથા સંતોષ વૃત્તિથી આશ્ચર્ય પામતાં નંદરાજાએ સ્થુલીભદ્રને બોલાવવા માટે ચીઠ્ઠી લખી કોશ્યા વેશ્યાને ત્યાં મોકલ્યા.

## પ્રકરણ ૬ ઠું.

## " પિતાના સમાચાર "

વ્હાલી તને શું દુઃખ છે ? આ તારા ગુલાબી મુખ કમળની બાલાશ કેમ દેખાતી નથી ? કાંઇ ચિન્તાનું કારણ ઉપસ્થિત થયું છે કે શું ? અધીરા બનતા સ્થુલીભદ્રે વેશ્યાને પુછયું.

તમારી જેવા ઉત્તમ પુરૂષને પામી મને દુઃખ શાનું હોય ? સ્વામીનાથ ! માત્ર મારૂં દક્ષિણ નેત્ર ફરકે છે, તેથી કાંઇ અશુભની અગમચેતી મળવાથી આજે શું થશે, તે વિચારમાં બેઠી છું તેથી આપને સ્હેજે એમ લાગ્યું હશે, કોશ્યાયે યુક્ત પ્રત્યુત્તર આપ્યો.

સ્વામિનિ, આજે આપણા મકાન બહાર બે રાજચરો ઉભા છે ને અંદર દાખલ થવાની માંગણી કરે છે તો તેને અંદર આવવાની રજા છે ? વચમાંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભયથી કંપતી દાસીએ આવી જણાવ્યું, શું મને રાજસભામાં બોલાવવા આવ્યા છે કમળા એક વેશ્યાએ દાસીને ગમગીનીથી પુછ્યું. તે સંબંધે તેઓએ કાંઇ જણાવ્યું નથી, દાસીએ ટુંકમાં પતાવ્યું. ઠીક, ત્યારે તેમને પ્રવેશ કરાવી અહીં લઇ આવ, એમ વેશ્યાના શબ્દો નીકળતાંજ દાસી સીપાઇઓને બોલાવવા ચાલી ગઇ, અને સ્થુલીભદ્ર પણ પોતાના શાંતિ ભૂવનમાં જઇને બેઠો. ટુંક મુદતમાં કમલા બે રાજપુરૂષોને લઇને આવી ઉભી રહી.

સીપાઇઓએ આવતાં જ કોશ્યાને નમસ્કાર કરી પુછ્યું, મહાશયા? સ્થુલીભદ્રજી ક્યાં છે? કોશ્યા આ શબ્દ સાંભળી આશ્ચર્ય પામી મનમાં ચિંતવવા લાગી કે, અહો રાજા મને સારા દિવસોમાં મુજરા માટે બોલાવતા હતા ને હું ધારતી હતી કે આજે રાજ્યના પરોણા આવ્યા હશે ને મને મુજરા માટે બોલાવતા હશે, પણ આ સિપાઇઓ તો સ્થુલીભદ્ર ક્યાં છે એમ પુછે છે? તો સ્થુલીભદ્રજીનું શું કામ હશે, રાજાએ કદી પણ સ્થુલીભદ્રજીને આહવાન કર્યું હોય એમ જોવાયું નથી તો આશું? રાજા શા માટે બોલાવતા હશે? મારૂં દક્ષિણાંગ ફરકે છે, તો શું ફળ મળશે. તેની કાંઇ સુજ પડતી નથી. અસ્તુ, પણ શું થાય છે તે હું સાથે જઇને જોઉં એમ વિચારી સાથે ચાલી. સ્થુલીભદ્રજી પાસેના ભુવનમાં બેઠા છે.

બન્ને સીપાઇઓને લઇ શાંતિભુવનમાં બેઠેલ કુમાર પાસે જઇ અભિવંદન કરવાપૂર્વક વેશ્યા બોલી કે આ બન્ને રાજસીપાઈઓ આપની પાસેં કાંઇ જરૂરી કામે આવ્યા છે, કોશ્યા બોલી રહી કે તુરત બન્ને સીપાઇઓએ સ્થુલીભદ્રને નમસ્કાર કર્યો, સ્થુલીભદ્રે પ્રથમ બન્ને સીપાઇઓ તરફ જોયું. તે પછી જીર્ણ પરિચયની ઝાંખી થવાથી એક સીપાઇને ઉદ્દેશીને પ્રફુલ્લવદને સહર્ષ હૃદયે મંત્રીપુત્ર બોલ્યો કે જયસિંહ? તું અહિં ક્યાંથી, ઘણે વખતે ભેગો થયો, કુટુમ્બમાં ને ઘરમાં શાંતિ છે કે?

જયસિંહ શકડાલ મંત્રીનો જુનો નોકર હતો. બાલ્યાવસ્થામાંજ મંત્રીના ઘરમાં રહેવાથી તેના ઘરમાં સંપૂર્ણ પરિચિત હતો એટલે સ્થુલીભદ્રે તેને જોતાંજ તુરત ઘરના કુટુમ્બની શાંતિનો પ્રશ્ન કર્યો.

સ્વામિન્, કુટુમ્બમાં દરેક રીતે શાંતિ છે. આપ અહીં આવ્યા ત્યારથી આપને ઘેર લાવવાનો બહુ આગ્રહ રહ્યો છે ને બાપુજી તથા માજીને તો તે સંબંધે બહુ ઉત્કંઠા હતી. તેથી આપ ત્યાં નથી એટલું જ અશાંતિનું કારણ છે. એટલી જ સર્વને આનંદ મંગળમાં ખામી છે. છતાં પણ નાનુ ભાઇના લગ્ન પ્રસંગે તો આપને ઘેર લઇ જવાનું ચોક્કસ કરી રાખ્યું હતું. એમ કહેતા જયસિંહે એક પરબીડીયું સ્થુલીભદ્રજી સન્મુખ ધર્યું ને વળી બોલ્યો કે મહારાજા નંદરાજાએ આ પત્ર પહોંચાડવા મને મોકલ્યો છે. પિતાજી ને માતાજીની તબીયત તો સારી છે ને? હું બાર વર્ષ થયાં ઘેર આવ્યો નથી તેથી પિતાજી ને માતાજીની સેવામાં આવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને ઘણી ઇચ્છા રહે છે, અને અહિં આવ્યા છતાં પુત્ર સ્નેહને લીધે મને ખુશી રાખવા પીતાજીએ ૧૨ાા ક્રોડ સુવર્ણ મહોરનો ખર્ચ કરી મારૂં સંપૂર્ણ પાલન કર્યું છે. પિતાજી તો વૃદ્ધ થયા હશે તેથી પિતાની સેવા કરવાને અવસર છે તેથી હવે તો પિતૃભક્તિદ્વારા કાંઇ અશે પિતાના રૂણમાંથી મુક્ત થવા તીવ્ર ઉત્કંઠા જાગૃત થઇ છે. સ્થુલીભદ્રે પત્ર ખોલતાં ખોલતાં પિતૃભક્તિના અશ્રુ ગાળ્યા, સ્થુલીભદ્ર, પિતાજીનો ઇતિવૃત આ પત્રમાં સૂચવે છે જેથી આપને જે વાંચતાં જ સર્વ વિદીત થશે. જયસિંહ નીચું જોઇ ઉત્તર વાળ્યા.

સ્થુલીભદ્રે પત્ર વાંચવાની શરૂઆત કરી તો તેમાં નીચે પ્રમાણે પંક્તિઓ પડી હતી.

**વત્સ સ્થુલીભદ્ર,**

વરૂચીના કપટયુકત પ્રયોગથી મંત્રી શકડાલનું અવસાન થયેલ છે તો તેના સ્થાનને યોગ્ય શોભાવનાર પુરૂષ તરીકે તમો ત્યાં રહેલ છો, પણ તમારી જેવા બાહોશ નરને શાંતિ પકડી બેસી રહેવું યોગ્ય નથી તો હવે પછી શું કરવું તે સંબંધે તમારી હાજરીની અગત્ય છે. માટે આ પત્ર દેખી તમો આ પત્ર લઇ આવેલ માણુસ સાથે તુરત આવવાનું બને તેમ કરશો.

આ પત્ર વાંચતાંજ ખિન્ન હૃદયે પત્ર આપી **વેશ્યાને** ઉદ્દેશીને બોલ્યો કે–રાજા મને જરૂરી કામ માટે બોલાવે છે માટે હું હવે જઇશ. મને રજા છે ? કોશ્યા પત્ર વાંચી બોલી કે, સ્વામીન્ ? આપ આ શું બોલો છો, હું બાર વર્ષ થયાં જુદી રહી જ નથી તો હવે હું એકલી જુદી કેમ રહી શકું ? માટે મારૂં મન આપને જવામાં હા પાડી શકતું નથી. સ્થુલીભદ્ર બોલ્યો, વ્હાલી, માત્ર મારા બાર વર્ષના નિવાસમાંજ પીતાજીએ ૧૨ાા ક્રોડ સોના મહોરોનો ખર્ચ કરી નાખ્યો છે. તેણે મને અત્યારસુધી પાળ્યો છે પણ હું તેની ભક્તિ સેવા કરી શકયો નહિં. મનની ઇચ્છા મનમાં રહી અને પિતા સ્વર્ગલોકને પામ્યા. તો તે સંબંધે કાંઇ ન બની શકયું, પણ રાજાનું તેડું આવ્યું છે તો તેને ના કેમ પાડી શકાય ?

કોશ્યા બોલી કે, જો આપને જવાની ઇચ્છા છે તો આપ પાછા આવો ત્યાં સુધી એક માણુસને અહિં મુકતા જાઓ, અને તુરત પાછા આવવાનું લક્ષ્યમાં રાખશો.

કોશ્યાના આ પ્રમાણે રજા વચન મળતાં સ્થુલીભદ્ર સુંદર વસ્ત્રો પહેરી પોતાના એક નોકરને અહિં રાખી રાજ સભા તરફ ચાલતો થયો. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

શ્રી વઢવાણ કેમ્પમાં પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજજી શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીના વંદનાર્થે શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના સભાસદો આસો સુદિ તૃતીયા શનીવારે પધાર્યા તે પ્રસંગે રવીવારના વ્યાખ્યાનમાં ગવાયેલ—

## " આગ્રહ–પત્રિકા. "

રાગ–( વાલ્મીક ઓર તુલશી કહગયે કલીયુગ આવેગા. )

**કાન્તિવિજય ગુરૂરાજ પધાર્યે, વરતે લીલા લ્હેર,**
**શાન્ત–દાન્ત–ગુણવન્ત, એ સન્તની, સહુ પર છે બહુ મ્હેર.**
**ચતુર્માસ ગુરૂ ખાસ રહ્યાથી, લાભ અમોને બહુ થાવે,**
**જામનગરની ટોળી આવી ગઇ, ભાવનગર ભાવે આવે. (૨) કાન્તિવિજય.**
**જામનગરની મન્ડળી આવ્યે, શાસન શોભા બહુ વાધી,**
**શનીવારની ટ્રેઇન તે મુજબ, ઠીક તમે ભાઇઓ સાંધી. (૨) કાન્તિવિજય.**
**શનીવારે સ્નેહે આવેલા, એ દિન ચારજ રોકાણા,**
**આપ તો સર્વે સમજુ છો તો, સાનમાં સમજી લ્યો શાણા. (૨) કાન્તિવિજય.**
**પ્રાત: સ્મરણીય પૂજ્યપાદશ્રી, વિજયાનંદ સૂરીરાયા,**
**અપર નામ શ્રી આત્મારામથી, જગમાં જેહજ ઓળખાયા. (૨) કાન્તિવિજય.**
**પંજાબ દેશમાં ધર્મ ફેલાવ્યો, નામ હતું ના જ્યાં જરીયે,**
**તે ઉપગાર એ મહા પુરૂષનો, કેમ કદાપિ વિસરીયે. (૨) કાન્તિવિજય.**
**દેશો દેશમાં જે નરવરની, કીર્તિ અખંડિત છે વ્યાપી,**
**તે ગુરૂ ભક્તિથી ભાવપુરીમાં, આત્માનંદ સભા સ્થાપી. (૨) કાન્તિવિજય.**
**એ સભાના સભાસદો ભલે, વન્દન કરવા અહિં આવ્યા,**
**આવ્યા તો સંઘને મન બહુ ભાવ્યા, પણ વાતું કરો કાં ઝટ જાવા. (૨) કાન્તિવિજય.**
**આવ્યા-આવ્યાને. " લફરૂ " મોટું, "ઉતાવળ" નું શીદને લાવ્યા,**
**જામનગરનું એજ હતું પણ, સંઘની આગળ ના ફાવ્યા. (૨) કાન્તિવિજય.**
**સભા આવી તો પ્રમૂખ પ્યારા, મગનલાલભાઈ છે આવ્યા,**
**શેઠ ગુલાબચંદભાઇને સાથે, ઉપ–પ્રમૂખ ભલે આવ્યા. (૨) કાન્તિવિજય.**
**સેક્રેટરી વળી વલ્લભદાસભાઇ, ત્રણે મળી અમ કામ કરો,**
**જવા ઉતાવળ કોઇ ન કરે એ, કૃપા કરી સહુ કાન ધરો. (૨) કાન્તિવિજય.**
**કમળ–કાન્તિ–ગુરૂ હંસને, વલ્લભ, વલ્લભ, વલ્લભદાસ જરી,**
**કેમ્પનો સંઘ આ શું કહે છે તે, સમજો સાચા સેક્રેટરી. (૨) કાન્તિવિજય.**
**જોઇન્ટ–સેક્રેટરી હરજીવનભાઇ, અરજી અમારી આ રાખો,**
**મરજી હશે પણ જવા ન દઇશું, એ સહુને સ્નેહે ભાંખો. (૨) કાન્તિવિજય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વોરા જુઠાભાઇ, ગીરધરભાઇ, વળી, દામોદરભાઇ, એ શાણા,
જવા ઊતાવળ ઝટ જો કરશો, તો થાશે તાણું તાણા. (૨) કાન્તિવિજય.
પૂજા–પ્રેમી માણેકલાલ ભાઇ, પૂજાનો રસ લેજો દેજો,
દેવ ગુરૂની ભક્તિનો લ્હાવો, નીરાંતે રહી લેવા કહેજો. (૨) કાન્તિવિજય.
ફતેહચંદ ભાઇ ખાસ ખજાનચી, ખજાનો ખોલી દ્યો હાનો,
મગનલાલભાઇ ફોટોગ્રાફર, ફોટો લ્યો અહિં રહેવાનો. (૨) કાન્તિવિજય.
ભાઇચંદભાઇ સહ પરશોતમભાઈ, દલાલ છે સાથે આમાં,
ખરી દલાલી અમારી કરજો, ફરજો નહિ ખરી સોદામાં (૨) કાન્તિવિજય.
સવચંદભાઇ ને નાનચંદભાઇ સહ, મુનીમ ભલે આવ્યા નક્કી,
જવા ઉતાવળ જો કોઇ કરશો તો થઇશું અમે જરૂર જક્કી. (૨) કાન્તિવિજય.
હવે બાકીમાં હીંમત–બાબુ, બે બાળક દીસે નાના,
બાળક ને શું ઝાઝું કહીયે, એ રહેશે છાનામાના (૨) કાન્તિવિજય.
ગવૈયા રામજી હારમોનીયમમાં, કડી મજાની આ ગાજો,
સંઘ સકળનો આગ્રહ સમજી, "ઊતાવળા કોઈ ના થાજો" (૨) કાન્તિવિજય.
તબલચી ત્રણ તાલ દઇ કહેજો, રહેજો,–રહેજો–સહુ રહેજો,
સંઘ સકળની આ વિનતડી, ધ્યાનમાં મેમાનો લેજો. (૨) કાન્તિવિજય.
રંગવિજય ને ચતુરવિજય સહ, લાભવિજય અહિંયા સોહે,
જશ–નાયક–ને મેઘ–પુન્ય–મળી, આઠ મુનિ ભવિ મન મોહે. (૨) કાન્તિવિજય.
એક મુનિનો એક દિ ગણતાં, આઠ દિવસ છે રહેવાનું,
સંઘ સકળ સહ મનસુખ વિનવે, નામ ન લેશો જાવાનું. (૨) કાન્તિવિજય.
કાન્તિવિજય ગુરૂ રહ્યા તો આવ્યા, આપ સહુ અમ આંગણીયે,
સહુના મન મનાવી જાજો, છેજ અમારી માગણી એ. (૨) કાન્તિવિજય.
રવિ ઊગ્યો સોનાનો આજ કે, વાર ખરેખર છે ફળીયો,
પુન્યશાળી ગુરૂ પગલાં થાતાં, પુન્યશાળી મેળો મળીયો.
કાન્તિવિજય ગુરૂરાજ પધાર્યે વરતે લીલા લ્હેર.
શાન્ત–દાન્ત–ગુણવન્ત એ સન્તની–સહુ પર છે બહુ મ્હેર.

લી૦ **મનસુખલાલ ડાયાભાઇ શાહ.** વઢવાણ કેમ્પ.

આશો સુદિ ૪ રવીવારના વ્યાખ્યાનમાં મેમાનોને રોકવા માટેની " આગ્રહ–પત્રિકા " ગવાયાબાદ, વોરા જુઠાભાઇ શેઠનું તેજ દિવસે, એટલે રવિવારે જવા માટેનું **સમયોચિત ભાષણ**–તે ઉપર શ્રી સંઘનો વિશેષ આગ્રહ–અને છેવટે પૂજ્ય પ્રવર્ત્તકજી મહારાજશ્રીનું તત્ સબંધી વિવેચન, અને " રહેવું એ ઉચિત છે " એ મધુર વાકય નીકળતાં હા–ના–નું હુકમનામું કેમ્પના શ્રી સંઘના લાભમાં થતાં તત્ સમયે ગવાયેલી કવિતા.

દરબારી કાનડો—( આવરદા વ્યર્થ વીતાઇ. અથવા પોપટ પીંજર નહિ ત્હારૂં. ) એ રાગ

**થીયું, હુકમનામું અમારૂં (૨) થીયું હુકમનામું અમારૂં (૨)**
**હવે ચાલસે કંઇ ના તમારૂં.....................થીયું હુકમનામું.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપને રહેવા બહુ બહુ કીધું, કીધું તે કહો શા સારૂ,
જરૂર જવાનું આજ નથી એ, નિશ્ચયથી હું ધારૂં (૨) થીયું હુકમનામું.
સંઘની આજ્ઞા વિના ન જવાશે, જશો શી રીતે વારૂ,
અમે નીરાંતે માટે બેઠા છી, રાખી ઊઘાડું બારૂ. (૨) થીયું હુકમનામું.
આવી ઊતાવળ કરશો એતો, કોઇને નથી ગમનારૂં,
આવ્યા આજને જવા કહો તો, ઠીક નથીજ થનારૂં. (૨) થીયું હુકમનામું.
કાલે આવ્યાને આજ જવાની, કાઢો વાત શા સારૂ,
ગુરૂનું વચન વિચારો વ્હાલા, અમને છે હિત કરનારૂ (૨) થીયું હુકમનામું.
રહો રહો એ ફરી ફરી કહીયે, સહુને લાગે એ પ્યારૂં,
જવાનું નામ જો ઝટ લેશો તો, લાગશે અમને ખારૂં. (૨) થીયું હુકમનામું.
મનસુખ ત્હારૂં કાલનું નોતરૂં, છે એનું શું ધાર્યું,
પછી બીજાના માટે કહેને, શું છે ખાસ વિચાર્યું (૨) થીયું હુકમનામું. (૨)

લી૦ **મનસુખલાલ ડાયાભાઇ શાહ.**
વઢવાણ—કેમ્પ.

---

આશો શુદિ ૫ સોમવારના વ્યાખ્યાન વખતે થઇ પડેલી મુંઝવણ.

## " મ્હારી—મુંઝવણ. "

રાગ–હોરી

શીદને રહ્યો છું મુંઝાઇ મનસુખ તું, શીદને રહ્યો છું મુંઝાઇ..............
મમ મુંઝવણની વાત શી કરવી, મોટી છે એ મ્હારા ભાઇ,
કહું કહું થઇને રહ્યો છું પણ હું, ગયો છું ખાસ ઘુંચાઇ,
સુઝે નહિ આમાં કાંઇ. શીદને
મેમાનતો બહુ મ્હેનત કરતાં, પરાણે રહ્યા છે રોકાઇ,
ઉતાવળા સહુ થાય એ કહું તો, વાતમાં શી છે વધાઇ,
નથી એમાં કાંઇ વડાઇ. શીદને
મેમાનો સુરબ્બી સર્વે છે, બહુ ઝાઝા વ્યવસાઇ,
તાણ રહેવાની કરતાં જોવું, જાય ન દીલડાં દુઃખાઇ,
જાયે ના કો વિખરાઇ. શીદને
કોઇ કહેશે તેં ત્હારૂં તાકયું, સ્વાર્થતા છેજ જણાઇ,
પણ બીજાના આમંત્રણ છે, તેનું શું છે ભાઇ.
થશે ઠપકાની ચડાઇ. શીદને
કોઇ કહેશે તું ત્હારી મેળે, તર્કવાદી બની જાઇ,
તર્ક વિતર્ક કરે કાં ઠાલા, જામાં જરી ગભરાઇ,
કરીશમાં ઝટ ભરપાઇ. શીદને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ કહેશે બહુ ડાહ્યા ન થઇયે, બેઠા છે ડાહ્યાભાઈ,
વળી વકીલ ને સર્વ શેઠીયા, સમજે એમાં વડાઇ,
ખરે છે એજ મોટાઇ. શીદને

કોઇ કહેશે તને મેમાનોની, પંચાત નથીરે અપાઇ,
તાણુમાં જરીયે નરમ ન થાજે, લેજે ન એ પટલાઇ,
પટેલ ને છે જ સોંપાઇ. શીદને

મેમાનોનું રાખવા જાતાં, ગામનું જાય ઠેલાઇ,
સુડી–વચ્ચે સોપારી મ્હારે, આવી પડી છે આંહિ,
ન લાગે કાંઈ નવાઇ. શીદને

હા–ના–નો હવે ફેંસલો આપો, કાન્તીવિજયજી સાંઇ,
મ્હારી મતી તો ગઇ છે મુંઝાઇ, બન્નેથી ગયો છું દબાઇ, મચી છે પૂરી લડાઇ
શીદને રહ્યો છું મુંઝાઇ.

---

## " છેવટની–માફી "

રાગ–( વાગ્યાં હોય તે જાણે–હો રામબાણ વાગ્યાં )

ખમજો ખામી અમારી, મેમાનો,
ખમજો ખામી અમારી–
ભક્તિ શું કરીયે તમારી. મેમાનો.

અમે વ્યવસાઇ, ઝાઝા જંજાળી, વિધ વિધ વર્ગના વ્યાપારી,
અરદાસ ખાસ જો બની ન અમથી, તો પણ ગણજો સારી. મેમાનો.

અમથી આપનું કાંઇ બન્યું નથી, કથીયે શું વારંવારી,
આપ અમારે આંગણ કયાંથી, એજ રહ્યાછી વીચારી, મેમાનો.

ધંધામાં મશગુલ અમે છી એથી, જઇ વળી સ્હેજે વિસારી,
અવિનય–ભૂલ–જે થઇ તે સર્વની; માફી માગી છી સંભારી. મેમાનો.

વીવાના ટાંણે સગા સહુ આવે, આવે સંબંધીયો અપારી,
સ્વામીભાઇ તો ધર્મ–પ્રસંગે, આવે એ ભાગ્ય બલીહારી. મેમાનો

સ્વામીભાઇના સગપણ જેવું, અવર ન સગપણ ભારી,
સ્વામી ભાઇની ભક્તિ સમજીયે, સમક્તિ શુદ્ધિ કરનારી. મેમાનો.

પુષ્પને બદલે પુષ્પની પાંખડી, ભક્તિની લ્યોને સ્વીકારી,
અધૂરી ભક્તિને પૂરીજ માનજો, અંતરથી લેજો અવધારી. મેમાનો.

ધન્ય ઘડી ! ધન્ય ભાગ્ય ! આ કેમ્પના, કે આવ્યા તમો આ વારી,
તમને લાવ્યા ગુરૂ કાન્તીવિજય તો, ગુરૂના સહુની આભારી. મેમાનો.

આપ આવ્યેથી શાસન શોભા, થઇ બે દિન બહુ સારી,
પંચતીર્થની પૂજા સાંભળતાં, હરખ્યા છે નરને નારી. મેમાનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનસુખને મન હર્ષનો ઉભરો, આવે છે ઉરમાં અપારી,
ગાવાને ટાંણે ગળું બેઠું તો, ગાય શી રીતે લલકારી.
મેમાનો ખમજો ખામી અમારી.

લી૦ **મનસુખલાલ ડાયાભાઇ શાહ.** વઢવાણ–કેમ્પ

**ॐ शान्ति.**

" શ્રી વઢવાણ કેમ્પમાં ચતુર્માસ બીરાજતા પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજજી શ્રી કાન્તિવિજયજી મહારાજ સાહેબ, તથા મહારાજજી શ્રી, રંગવિજયજી, ચતુરવિજયજી, લાભવિજયજી જશવિજયજી, નાયકવિજયજી, મેઘવિજયજી, અને પુન્યવિજયજી આદિ ઠાણા ૮ ના દર્શનાર્થે શ્રી જામનગરથી શેઠ પોપટલાલભાઇ, ધારસીભાઇ વોરા, તથા પારેખ મોહનલાલભાઇ વીગેરે " શ્રી મોહન–મન્ડળી " સહિત ૨૫ ભાઇઓ ભાદરવા વદ ૪ શનીવારે, અત્રે પધારેલા તે સમયે રવીવારને વદી પંચમીના વ્યાખ્યાનમાં ગવાએલ.

## " આગ્રહ–પત્રિકા. "

રાગ–( કેશરીયા થાશું–પ્રીત કરીરે સાચા ભાવશું. )

**ગુરૂના ગુણ ગાશું, ભાવ ધરીને સાચા રંગશું,**
**પ્રવર્તક પ્યારા કાન્તિવિજય ગુરૂ, બીરાજે છે આ શહેર,**
**ચતુર્માસમાં આનંદ વરતે, વરતે લીલા લ્હેર રે ગુરૂના.**
**શાન્ત, દાન્ત, ગુણવન્ત, ભદન્ત, ને, સન્ત મહા મુનિરાય,**
**વૃદ્ધ અને અનુભવી દાદાને, જોતાં આનંદ થાય રે. ગુરૂના.**
**રંગવિજય, ને ચતુરવિજય સહ, લાભવિજયજી સોહે,**
**જશ, નાયક ને મેઘ, પુન્ય, મળી, આઠ મુનિ મન મોહે રે. ગુરૂના.**
**ગુરૂના દર્શન કરવા ભાવે, ભવીજન કેઇ કેઇ આવે.**
**પુન્યશાળી ગુરૂ પગલાં થાતાં, લાભ ઘણો અહિં થાવે રે. ગુરૂના.**
**જામનગરની ટોળી મજાની, ગુરૂ દર્શન ભલે આવી,**
**શેઠ પોપટભાઇ આદિ પધાર્યે, ટોળી ખાસ દીપાવી રે. ગુરૂના.**
**આવી અમારે આંગણુ એ તો, ગુરૂ મહારાજ રહ્યાથી,**
**જવાની હમણાં વાત ન કરજો, રહેજો ખાસ કૃપાથી રે. ગુરૂના.**
**સ્વામીભાઇનો સરસજ મેળો, ગુરૂ રહેતાં અહિં મળીયો,**
**રવિ ઉગ્યો સોનાનો આજ કે, વાર ખરેખર ફળીયો રે. ગુરૂના.**
**મોહનભાઇ ને ફુલચંદ બે છે, છગનલાલ બે આમાં,**
**નામ ન લેશો જવાનું હમણાં. નહિતો થાશું સામા રે. ગુરૂના.**
**જેવંતભાઇ ને ભાભા નથુ, જગજીવનભાઇ દલાલ,**
**ખરી દલાલી અમારી કરજો રહેવા માટે હાલ રે. ગુરૂના.**
**ગુલાબચંદભાઇ ને પ્રેમચંદભાઇ, વળી પાનાચંદભાઇ આવ્યા,**
**અભેચંદ ને વીરચંદભાઇ. સહુ, થશો ન આગ્રહી જાવા રે. ગુરૂના.**

For Private And Personal Use Only

કાનજીભાઇ ને મનસુખભાઇ, વળી નાનચંદભાઇ છે નક્કી,
જવા ઉતાવળ જરી કરશો તો, અમે થશું બહુ જક્કી રે. ગુરૂના.
ડોસાભાઈ ને નરભેરામ છે, વળી છે ચત્રભુજભાઇ,
" જમાદાર " કહેવાય ભલે પણ, ચાલશે જરી નહિં આંહિ રે. ગુરૂના.
ગલાલચંદભાઇ ને નથુ વલભજી, પોપટલાલભાઇ આવ્યા,
આવ્યા તો સહુને કહેજો, કહેજો, કરે ન ઉતાવળ જાવા રે. ગુરૂના.
દુર્લભદાસ તો કવિ ને લેખક, સમજો મનમાં આજું,
દુર્લભ મેળો મળ્યો આ ગમજી, વગાડો સ્થીરતા વાજું રે. ગુરૂના.
ઓધવજી મહારાજ ગવૈયા, સતાર સરસ બજાવે.
છે સુરદાસ પણ પ્રભુ ગુણ ગાઇ, આનંદ બહુ ઉપજાવે રે. ગુરૂના.
સતાર બજાવી, સભા સજાવી, કડી મજાની ગાજો,
તારમાં તાર મીલાવી કહેજો, " કોઇ ન હમણાં જાજો " રે. ગુરૂના.
કલ્લા મહારાજનું નાંમ છે છેલ્લું, હશે ન કોઇ હવે બાકી,
અજાણ્યો હું કોઇ નામ રહ્યું તો, માફી માગું પાકી રે. ગુરૂના.
આઠ મુનિના દર્શન કરવા, આવ્યા ભલે કરી ઠાઠ,
એક મુનિનો એક દિ ગણો તો, સ્હેજે થાય દિન આઠ રે. ગુરૂના.
વઢવાણ કેમ્પ શ્રી સંઘ અત્યારે, " આગ્રહ-પત્રિકા " ખોલે,
સંઘ સકળ ગુરૂ કાન્તીવિજયની, જય, જય, જય, જય, બોલે રે. ગુરૂના.
ગુરૂની સાખે, મનસુખ, ભાંખે, " મોહન-મન્ડળી " આગે,
દેવ-ગુરૂની ભક્તિ કરો એ, " ચંદ્રોદય-મન્ડળી " માગે રે.
ગુરૂના ગુણ ગાશું ભાવ ધરીને સાચા રંગશું.

લી—**મનસુખલાલ ડાયાભાઈ શાહ.** વઢવાણ-કેમ્પ

---

" ભાદરવા વદિ ૪ રવીવારની રાત્રીએ સકળ સંઘ-શેઠ પોપટલાલભાઇ વીગેરે પાસે-આગ્રહ કરવા જવાથી, તેમજ પર્યુષણમાં ભાદરવા શુદિ ૩ ના રોજ જળયાત્રાનો વરઘોડો-વરસાદના કારણે નહિ નીકળેલ હોવાથી, ભાદરવા વદિ ૭ મંગળવારે. સદરહુ જળજાત્રાનો-મહાન-વરઘોડો કાઢવાનું નક્કી થવાથી, સહુ મેમાનોને ખાસ રહેવાનો વિશેષ આગ્રહ કરી, ભાદરવા વદિ ૮ બુધવારે જવાનું નક્કી કરી જય બોલાવવામાં આવી, તે રવિની રાત્રીની સર્વ હકીકત દર્શક સોમવારના સવારના વ્યાખ્યાનમાં ગવાયેલી કવિતા. "

રાગ-સારંગ-( હળીમળી પાણી જઇયે ચાલો સાહેલી. )

હળી મળી દર્શન જઇયે, ચાલો આનંદે, ગુરૂ ગુણ ગાઇને, રસ વાણી લઇયે (૨)
કાન્તિવિજય મહારાજ પસાયે, આનંદ વરતે ખાસ,
જામનગરની ટોળી આવ્યેથી, ઉરમાં વાધ્યો ઉલ્લાસ. હળીમળી.
પ્રભાવના શ્રીફળની સવારે, બપોરે પૂજા ભણાય,
નગાર-ડંકો. તાલ-કાંસીનો, જોવા મન લલચાય. હળીમળી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાંડીયારસનો રસ બહુ જામ્યો, લેઈ મજાની હોંચ,
નરનારીની ભીડ થઇ, થઇ, ગીડદી ખીચોખીચ હળીમળી.

પીસ્તાલીશ આગમની પૂજા, ભણાવી બહુ ઠાઠમાઠ;
સંઘ સકળ સોહે પૂજામાં, સોહે મુનિવર આઠ. હળીમળી.

એ ટોળીની ભક્તિ-ભાવના, જોઇ થયો મન દોર.
જળજાત્રા છે બાકી તે ચડે તો, થાયે ભભકો ઓર. હળીમળી.

જળજાત્રા તો જરૂર કાઢવી. કાઢવી એ સહુ હોય,
તે માટે પોપટભાઇ પાસે, ગયા રાત્રે સહુ કોય. હળીમળી.

શેઠ પોપટભાઇ સાથ મંડળને, કીધી અમે આ વાત,
જળજાત્રામાં ટોળી કાઢીને, કરો શોભા ભલી ભાત. હળીમળી.

શાસન શોભા વધશે એ તો, સહુને રૂચ્યું ખાસ,
મત મેળવવા ભેગા થઇને, પાડયો ઓર પ્રકાશ. હળીમળી.

મોહનભાઇને, કુળચંદ બે છે, છગનલાલ બે આમાં,
સામા થવાની વાતને સમજી, ઉભા રહ્યા ઝટ હામાં. હળીમળી.

જેવંત ભાઇને, ભાભા નથુ, જગજીવનભાઇ દલાલ,
ખરી દલાલી અમારી કીધી, ખપ્યો અમારો માલ. હળીમળી.

ગુલાબચંદભાઇ, ને પ્રેમચંદભાઇ, વળી પાનાચંદભાઇ આવ્યા,
અભેચંદભાઇ, ને વીરચંદભાઇ સહુ, થયા ન આગ્રહી જાવા. હળીમળી.

કાનજીભાઇ, ને, મનસુખભાઇ વળી, નાનચંદ ભાઇ છે નક્કી,
જક્કી ન જરીયે થયા એ આમાં, ખાત્રી થઇ છે પક્કી. હળીમળી.

ડોસાભાઇ ને, નરભેરામ છે, વળી છે ચત્રભુજભાઇ,
" જમાદાર નું જોર ખરૂ છે, વાત બધી સમજાઇ. હળીમળી.

દુર્લભદાસ તો કવિ ને લેખક, સહુની સમજી હા,
દુર્લભ મેળો મળ્યો જાણીને, કહે શી રીતે ના. હળીમળી.

ગલાલચંદભાઇને નથુવલમજી, પોપટલાલભાઇ આવ્યા,
આગ્રહ સહુને સમજી સ્નેહે, કરી ન ઉતાવળ જાવા. હળીમળી.

ઓધવજી મહારાજે મજાનો, સતાર-તાર મીલાવ્યો,
" કોઇ ન હમણાં જાજો " એ કડી ગાઇ, રસ ખુબ ઠીક જમાવ્યો. હળીમળી

તારની સાથે તાર મળે તો, બાજે સરસ સતાર,
મન-વચ-કાયાનો તાર મીલાવી, ભક્તિ કરો શ્રીકાર. હળીમળી.

કહ્યા મહારાજનું નામ છે છેલ્લું, હવે ન રહયું કોઇ બાકી,
જળજાત્રા ભાઇ ચડે તો, શોભે રહે જો પાખી. હળીમળી.

સંઘમાં વળી સાકરની લ્હાણી, કરવા ખાસજ કીધું,
શેઠ પોપટભાઇ આગ્રહ જાણી, સંઘે ઝીલી લીધું. હળીમળી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેમાન તો બહુ મ્હેનત કરતાં, રહે બુધવાર બપોર,
બહુ તાણીને હવે ન કહીશું, વાપરશું નહિ જોર. હળીમળી.
રવી ગયોને સોમજ આવ્યો, વહે નિરંતર કાળ,
મનસુખ કહે સહુ દેવ–ગુરૂની, ભક્તિમાં રહી ઉજમાળ.
હળીમળી દર્શન જઇયે, ચાલો આનંદે. ગુરૂ ગુણ ગાઇને,
રસ વાણી લઇયે.

લી૦ **મનસુખલાલ ડાયાભાઇ શાહ.** વઢવાણ–કેમ્પ.

---

" ભાદરવા વદિ ૭ મંગળવારના દિવસે જળ જાત્રાનો મહાન વરઘોડો નીકળ્યો તેની શોભાનું વર્ણન દર્શાવતી બુધવારના સવારના વ્યાખ્યાનમાં ગવાયેલી કવિતા. "

રાગ–( જો દીન જાવે ભવીકા તીર્થમેં–ઉત્તમ વો માની. )

જોતાં જળ જાત્રા કેરો ઠાઠરે, મુજ મન લોભાણું,
જોવાને મળીયા ચોકે ચોક, થોકે થોકરે, બહુ લોકરે, શી શોભા વખાણું.

નેજા, નગારચી, ઘોડા, ઢોલ, ત્રાંસાની જોડા, જોવા જન કહે ઝટ દોડો,
ટપા ગાડીનો નહિ પારરે. હૈડું હરખાણું. જોતાં જળ જાત્રા.

હાથી અંબાડી સારી, બેન્ડ વાજાઓ ભારી, ટુકડી બે મનહર નારી.
ગાવે સુરાગે વિધ વિધ રાગનું. મનોહારી ગાણું. જોતાં જળ જાત્રા.

બગીચો વળી મોટર ગાડી, જોવે જન ચિત્ત ચોટાડી, ઇચ્છે હો દાડી દાડી,
ઈંદ્ર ધ્વજા તો ફરકે ફરરર, ફરરર, ગગને જઇ જાણું. જોતાં જળ જાત્રા.

બાળક બેઠેલો પાટ, આવ્યા પછી ઘોડા આઠ. જામ્યો બહુ ઠાઠમાઠ,
સાંબેલા સોહે સુર સમ શોભતા, અલબેલા પીછાણું. જોતાં જળ જાત્રા.

મીયાનો, સુખપાલ સાજન, સોહે વળી સ્નેહે મહાજન, વરતે છે સંપનું ભાજન,
પાણી સાકરનું ચોકે ચોકમાં બહુ બહુ વપરાણું. જોતાં જળ જાત્રા.

સુરજ મુખી ને નેજા, સાચા છે કીંમતી રેજા, જોતાં તર થાય કલેજા,
દુધની વળી ધારાવાડી સાથમાં; બળી બાકુળ માનું. જોતાં જળ જાત્રા.

પ્રભુની શુભ પાલખી સોહે, જોતાં જન મનડાં મોહે, ભવીને પ્રેમે પડી બોહે,
સોહે ચોવીશી–પડીમા–ધાતુની, મહા મંગળ જાણું, જોતાં જળ જાત્રા.

રમઝમ તો રથ શુભ ભાળી, મૂર્તિ મહાવીર નિહાળી, જાણી મેં કાલ દીવાળી,
લ્હાવો લેનારા નર ધન્ય, ધન્ય છે, ખરચ્યું શુભ નાણું. જોતાં જળ જાત્રા.

ટોળી વળી જામનગરની, ભકિત ન જાયે વરણી, સાચી છે એ શુભ કરણી,
ડંકો કાંસીને જોવા, શહેરનું સહુ ત્યાંજ થોભાણું. જોતાં જળ જાત્રા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જળ જાત્રા નીકળી ભારી, શાસન શોભા થઇ સારી, મંગળદિન મંગળકારી,
ચંદ્રોદય મંડળી મનસુખ સાથમાં, ગાવે ખુબ ગાણું.
જોતાં જળ જાત્રા કેરો ઠાઠરે, મુજ મન લોભાણું.

લી. **મનસુખલાલ ડાયાભાઈ શાહ.** વઢવાણ–કેમ્પ.

છેવટે ચાકરી બરદાસમાં ખામી આવી હોય તે માટે " ખમજો ખામી અમારી " એ ગીત ગવાયા બાદ, શ્રી જામનગરના મેમાનો તરફથી ભાઇ દુર્લભદાસે આભાર દર્શાવ્યા બાદ, પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજજીશ્રી કાન્તીવિજયજી મહારાજશ્રીએ આવા પ્રકારનો સ્વામીભાઇઓ વચ્ચેનો પરસ્પર પ્રેમ જોઇને, સકળ જૈન સમાજ પરસ્પરની પ્રેમ ગાંઠથી જોડાય એ આશિર્વાદ ઉચ્ચારી બહુજ સંતોષ જાહેર કર્યો હતો અને છેવટે સકળ સંઘે મુળનાયકજી મહારાજજીશ્રીં વાસુપુજ્ય મહારાજની જય બોલાવી હતી.

## શહેર ભાવનગરમાં આચાર્ય વગેરે પદવી પ્રદાનો.

આ સંબંધમાં ગયા અંકમાં કેટલાક સમાચારો અમોએ પ્રકટ કરેલ છે, વળી આ પહેલાં બીજા જૈન, જૈનેતર પેપરોમાં આ સંબંધી વિસ્તારથી સમાચારો આવી ગયેલ હોવાથી ટુંકામાં બાકી રહેલ હકીકત આપીયે છીયે. શ્રી મોટા દેરાસરજીમાં કારતક શુદી ૧૫ ના રોજ શ્રી શત્રુંજય તીર્થની રચના કરી હતી. તેમાં સવારમાં પરમાત્માને બીરાજમાન કર્યા હતા. તથા કુંભ સ્થાપના કરવામાં આવી હતી જે ક્રિયા શેઠ વાડીલાલભાઇ અને તેમના કુટુંબ તરફથી કરવામાં આવી હતી. તેમજ અઠ્ઠાઈમહોત્સવ આજથી શરૂ થતાં વિવિધ પૂજા દરરોજ બહારથી બોલાવવામાં આવેલ ભોજક પ્રાણસુખભાઇવડે ભણવવામાં આવતી હતી. અઠ્ઠાઈમહોત્સવનો સઘળો ખર્ચ વોરા જુઠાભાઇ સાકરચંદ તરફથી કરવામાં આવતા તે લાભ તેમણે લીધો હતો. કારતક વદી ૪ ના રોજ નવગ્રહનું, દશ દિગ્પાલનું પૂજન વગેરે કરવામાં આવ્યું હતું. વદી ૫ ના રોજ જળયાત્રાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. વદી ૬ ના રોજ આચાર્યપદવી આપવાનું મુહૂર્ત સવારના ૧૧॥ વાગે હોવાથી સવારના આઠ વાગ્યાથી ( ચતુર્વિધિ સંઘ ) સંખ્યા બંધ બાઇઓ ભાઈઓ, દાદાસાહેબની વાડીમાં આવવા લાગ્યા અને તે ક્રિયા માટે ઉભા કરેલા સમીયાણામાં બેઠકો લેવા માંડી હતી. પદવી પ્રદાનની ક્રિયા નવ વાગ્યાથી શરૂ થઇ હતી. મુહૂર્તનો ટાઇમ થવા દરમ્યાન શેઠ ગુલાબચંદ આણંદજીએ બહાર ગામથી આવેલ સહાનુભૂતિના પત્રો તથા તારો વાંચી સંભળાવ્યા હતા જે નીચે મુજબ હતા. બહાર ગામથી સારી સંખ્યામાં મહેમાનો પધાર્યા હતા.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, જૈન વિશ્રાંતમંદીર મુંબઇ. શાહ લલુભાઈ મનોરદાસ અમદાવાદ. શાહ કેસરીચંદ ભાણાભાઇ બીલીમોરા. હરીપુરા જૈનસંઘ, છબીલદાસ ધરમચંદ સુરત. રાંદેરથી શાહ છોટાલાલ નવલચંદ, અમરચંદ અગરાજ ચાંદા. અંબાલાલ નગીનદાસ બોરસદ. વડોદરા, વેજલપર જૈન સંઘ, ચંદુલાલ નથુભાઇ ભરૂચ, જુનાગઢ જૈન સંઘ. આચાર્યશ્રી અજિતસાગરજી, મુનિરાજશ્રી દર્શનવિજયજી મુંબઇ. મુનિરાજશ્રી ધર્મવિજયજી જંબુસર. મુનિશ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાચકવિજયજી તથા પં. ઉમંગવિજયજી અમદાવાદ. મુનિશ્રી ધર્મવિજયજી લીંબડી. સાધ્વીશ્રી હીંમતશ્રીજી ચુડા. શેઠ દલપતભાઇ ભગુભાઇ અમદાવાદ. શેઠ કેશવલાલ વીરચંદ. શાહ મગનલાલ ઠાકરશી. શાહ કેશવલાલ મગનલાલ દોશી મણીલાલ નથુભાઇ. શાહ પુંજાલાલ દીપચંદ. શાહ કચરાભાઇ અમૃતલાલ. ઝવેરી મોહનલાલ ચુનીલાલ. શાહ અંબાલાલ બુલાખીદાસ. બાબુ રતનલાલ ચુનીલાલ મુંબઇ. મુંબઇ કાંટાસંઘ સમસ્ત. શાહ નાનચંદ મૂળચંદ, ઝવેરી જેઠાલાલ ચુનીલાલ. શાહ ચુનીલાલ રીખવદાસ, મોહનલાલ લક્ષ્મીચંદ. ચમનલાલ ખુબચંદ, શ્રી પાર્શ્વજીનમંડળ, અંબાલાલ છોટાલાલ વડોદરા. વાંકાનેર જૈનસંઘ, પેથાપુર જૈનસંઘ. વકીલ ડાયાભાઈ હકમચંદ, શાહ સરૂપચંદ પુનમચંદ પેથાપુર. ગોઘા જૈન સંઘ, શા. જેચંદ વેલશી, શાહ છગનલાલ ન્યાલચંદ નાણાવટી, શાહ અમૃતલાલ ત્રિભુવન ભરૂચ. શાહ લલુભાઇ નારણજી વલસાડ. શ્રી જૈન ગુરૂકુળ-શ્રી શ્રાવિકાશ્રમ પાલીતાણા. શાહ વિઠ્ઠલદાસ વાલજી શીહોર. જૈન વર્ધકમંડળ જંબુસર વગેરે સ્થળેથી સંદેશાએ આવ્યા હતા. નીચેના ગૃહસ્થોએ હાજરી આપી હતી. નગરશેઠ વિમલભાઇ મયાભાઇ, તથા રમણભાઇ સારાભાઇ, ડાહ્યાભાઈ પુંજાલાલ દીપચંદ અમદાવાદ, શેઠ વાડીલાલ પુરૂષોતમ તથા શેઠ ધરમચંદ નાગરદાસ રાણપુર. ઝવેરી મગનલાલ નગીનદાસ વીરચંદ વલસાડ. ભુખણદાસ ભગવાનદાસ ભરૂચ. શેઠ નાનચંદ કીકાભાઇ સુરત. તળાટી મથુરદાસ છગનલાલ દેહગામ. મણીલાલ ધરમચંદ અંકલેશ્વર. વેલાભાઇ ફુલચંદ બીલીમોરા. મોહનલાલ સ્વરૂપચંદ આમોદ. નરોતમ અમીચંદ બોટાદ. વાડીલાલ કેશવલાલ વડોદરા. ખોડીદાસ માધવજી વઢવાણકાંપ વગેરે ગામના જૈન બંધુઓ પણ આવ્યા હતા.

ત્યાર બાદ શ્રી સ્થાનકવાસી જૈન સંઘ અને દીગંબરી જૈન સંઘની વતી ભાયાણી હરિલાલ જીવરાજે આચાર્ય પદવી પ્રદાન માટે સહાનુભૂતિ બંને સંઘો વતી દરશાવી હતી. ટાઇમ બરાબર થતાં પન્યાસજી શ્રી કેશરવિજયજી મહારાજને આચાર્ય પદવીનો વાસક્ષેપ નંખાતા શ્રી વિજય કેશરસૂરિ નામ આપવામાં આવ્યું હતું. પ્રથમ વસ્ત્રપ્રદાન અમદાવાદના નગરશેઠ વિમલભાઇ તરફથી અને પછી વાડીલાલભાઇ તરફથી આ પદ માટે કરવામાં આવ્યા હતા. પછી પન્યાસજી શ્રી દેવવિજયજી મહારાજને મહોપાધ્યાયની પદવી તથા પન્યાસજી શ્રી લાભવિજયજીને પ્રવર્તક પદવીનો વાસક્ષેપ થતાં નામ નિષ્પન્ન કરવામાં આવ્યા હતા. ચતુર્વિધ સંઘમાં ભારે ઉત્સાહ ફેલાયો હતો. છેવટે શ્રીફળની પ્રભાવના થતાં સર્વે વીખરાયા હતા. બપોરે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું, સાંઝના નોકારશીનું જમણ તે ખરેખરૂં જમણ ભાઇ વાડીલાલભાઇ પુરૂષોતમદાસ રાણપુરવાળા તરફથી હતું. આ શહેરમાં મૂર્તિ પૂજક જૈન બંધુ, સ્થાનકવાસી જૈનબંધુ અને દિગંબરી જૈનબંધુ સાથે બેસીને જમ્યા અને તેજ નોકારશી ખરેખરી કહેવાય તેવી નોકારશી જાણવા પ્રમાણે ભાવનગરમાં પ્રથમ જ આ વખતે થઇ છે. ત્રણે ફીરકા એકત્ર થઇ બંધુભાવે સાથે બેસી જમ્યા તેના શુભનિમિત્ત શેઠ વાડીલાલભાઈ હોવાથી તેમને ધન્યવાદ ઘટે છે. એ રીતે પદવી પ્રદાન મહોત્સવ પુરો થયા પછી વદી ૮ ના રોજ આ શહેરના દીવાન સાહેબ ત્રીભુવનદાસ કાળીદાસ ( કાઉન્સીલર સાહેબ ) ના પ્રમુખપણા નીચે આ શહેરની પ્રજાની મીટીંગ ઉકત આચાર્ય મહારાજ તથા મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજને અભિનંદન આપવા મેળવવામાં આવી હતી. જેમાં પ્રમુખ સાહેબ. વકીલ ગુલાબરાયભાઇ, શેઠ કુંવરજી આણંદજી, ફતેહચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપૂરચંદ લાલન અને વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ વગેરેએ અભિનંદન આપવા માટે વિવેચનો કર્યાં હતાં. આવા પ્રસંગ જૈન કોમના મુનિરાજો માટે પ્રથમ હતો. વગેરે પ્રસંગો ગયા માસમાં પ્રાપ્ત થયા હતા.—

### ૨. બુહારીમાં શ્રી ઉપધાન તપ માલારોપણ મહોત્સવ.

તત્ર બિરાજમાન આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરીશ્વરજી તથા આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજીના ઉપદેશથી ઉપધાન તપ નિર્વિઘ્ને સંપૂર્ણ થતાં માળારોપણ સાથે અઠ્ઠાઇ મહોત્સવ તથા શ્રી શત્રુંજય તથા પાવાપુરી તીર્થની રચના કરવામાં આવી હતી. માગશર શુદ ૨ થી તે શરૂ થયેલ છે. શેઠ મોરારજી ગલાજી તથા સુરચંદ ખેતાજીના નામથી આમંત્રણ પત્રિકાઓ પ્રકટ થયેલ છે. અષ્ટોત્તરી સ્નાત્ર સ્વામીવાત્સલ્ય વગેરે પણ સાથે રાખવામાં આવેલ છે.

### ૩ શ્રીતળાજા–કાઠીયાવાડમાં શ્રી ઉપધાન તપ માલારોપણ મહોત્સવ.

તત્ર બિરાજમાન આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી મહારાજના ઉપદેશથી ઉપધાન તપ થતાં તે પૂર્ણ થવાથી માળારોપણ માટે આમંત્રણ પત્રિકા ( કંકોત્રી ) મેતા કલ્યાણજી માણેકચંદના નામથી પ્રકટ થયેલ છે. માગશર શુદ ૩ થી અઠ્ઠાઇ મહોત્સવ શ્રી ગીરનારજી સમવસરણ પાવાપુરી આદિ તીર્થોની રચના સાથે શરૂ થયેલ છે. શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. સ્વામીવાત્સલ્ય પણ થયાં હતાં.

— ❁ —

# ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર.

**પ્રાકૃતરૂપમાળા**—પ્રણેતા અનુયોગાચાર્ય પન્યાસ શ્રી વિજ્ઞાનવિજયજી ગણિ શિષ્યરત્ન મુનિશ્રી કસ્તુરવિજયજી, પ્રકાશક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા અમદાવાદ તરફથી ભેટ મળેલ છે. આ એક વ્યાકરણનો ગ્રંથ છે. જેમાં પ્રાકૃતશબ્દ–ધાતુરૂપ–સંધિ–નિયમ–તદ્ધિત–અવ્યયકારક–કૃદંત–શબ્દ ધાતુકોશાદિ વિગેરેનો સંગ્રહ છે. તેના પ્રણેતા મહારાજશ્રીએ વિદ્વતાપૂર્વક લખી તેના અભ્યાસીને સરલતા કરી આપી છે. આ ગ્રંથ પ્રાકૃત ભાષાના અભ્યાસ માટે આવકારદાયક છે. આ ગ્રંથમાં આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી વગેરેની છબીઓ દાખલ કરી ગુરૂ ભક્તિ દર્શાવી ગ્રંથની ગૌરવતામાં વધારો કર્યો છે. કિંમત ૧–૮–૦

**શ્રી ગજસાર મુનિ પ્રણીત** દંડક પ્રકરણ – આ ગ્રંથના પ્રકાશક ઉપરોકત સભા છે. આ ગ્રંથમાં મૂળ સાથે તેનો અનુવાદ–શબ્દાર્થ–વિસ્તરાર્થ, યંત્ર પરિશિષ્ટ, ટીપણી વગેરે આપી પ્રકરણના અભ્યાસી માટે ઘણોજ ઉપયોગી બનાવેલ છે. ગુજરાતી ભાષાના જાણ માટે તો ખાસ અભ્યાસ કરવા જેવો લખેલ છે. શાળાઓમાં ચલાવવામાં પણ તે ઉપયોગી થઇ પડે તેવું છે. અમે તે માટે ભલામણ કરીયે છીએ. કિંમત ૧–૦–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી અમદાવાદ જૈન પાઠશાળાનો સં. ૧૯૨૫ ની સાલનો રીપોર્ટ**—આ શાળામાં સાધુ, સાધ્વી, મહારાજ તથા કન્યાઓ અને શ્રાવિકા વગેરેને (સ્કુલમાં જનાર બ્હેનોને સ્કુલ-લેશન સાથે) ધાર્મિક અભ્યાસ કરાવવામાં આવે છે. સંસ્કૃત શિક્ષણમાં વ્યાકરણ તર્ક તથા ન્યાય અને માગધીનું પણ જ્ઞાન શિક્ષકો રાખી આપવામાં આવે છે.

વ્યવહારિક જ્ઞાન લેનારને વાંચન લેખન વગેરે પણ શીખવાય છે. અમદાવાદ શહેરના પ્રતિષ્ઠિત જૈન ગૃહસ્થોની કમીટીથી આ સંસ્થાનો વહીવટ ચાલે છે. મેનેજર તરીકે શાહ હીરાચંદ કકલભાઇ લાગણીપૂર્વક કાર્ય કરે છે. આ ખાતાના તેઓ જુના અનુભવી છે. કંઇક શીવણ વગેરે ઉદ્યોગનું કાર્ય હાલ શરૂ કરેલ છે જે યોગ્ય છે આ સંસ્થાને અમદાવાદ નિવાસી બંધુઓએ પુરતી મદદ આપવાની જરૂર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**ચૈત્યવંદન સુત્રાર્થ વિધિ સહિત** – લેખક ચતુરસાગરજી જૈન મહારાજ પ્રકાશક શ્વેતાંબર જૈન કાર્યાલય, મોતી કટરા, આગ્રા. આ ગ્રંથમાં હિંદિ ભાષામાં ચૈત્યવંદન વિધિ અને અર્થ સહિત પાઠો આપવામાં આવેલ છે. કિંમત એક આનો વાંચવા લાયક છે.

**શ્રી યશોવિજયજી વિરચિત ચોવીશી અર્થ સહિત**––શેઠ ઉજમશીભાઈ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની વતી શેઠ નાગરદાસ ભાઇ પુરૂષોતમદાસ તરફથી ભેટ મળેલ છે. અર્થ વાંચવા લાયક છે.

**શ્રી પાલીતાણા ગૌરક્ષા ખાતાનો સંવત ૧૯૭૬ થી સંવત ૧૯૮૨ ના અશાડ વદી ૩૦ સુધીનો રીપોર્ટ.**—આ રીપોર્ટ અમોને અભિપ્રાય માટે ખાસ મોકલેલ છે. આ સંસ્થાનો છ વર્ષનો રિપોર્ટ આ સાથે છે તેનો વહિવટ અને હિસાબ ચોખવટવાળો છે. વળી ત્યાંના માનદ અધિકારી અને પ્રતિષ્ઠિત ગૃહસ્થોની કમીટીથી આ સંસ્થાનો વહીવટ ચાલે છે એમ તેના રીપોર્ટ ઉપરથી માલમ પડે છે તેથી કાર્ય વ્યવસ્થિત હોય જ. આવી સંસ્થાનો રીપોર્ટ દર વર્ષે કે દર બે વર્ષે પ્રકટ થવો જોઇએ અમે તેના કાર્યવાહકોને તે માટે ભલામણ કરીએ. છીએ. આ રીપોર્ટની સમાલોચના પુરી કરતાં એક વાત અમારે જણાવવી પડે છે કે, આ સંસ્થાના સંબંધમાં એક ચર્ચાપત્ર અમોને મળેલું જે ગયા માસના અંકમાં છપાએલ છે જેમાં "શ્રી પાલીતાણામાં ગૌરક્ષા પાંજરાપોળ" આ નામની સંસ્થા છે તે લખેલ છે છતાં તેના આ રીપોર્ટમાં શ્રી પાલીતાણા ગૌરક્ષા ખાતું એમ શબ્દો છે પાંજરાપોળ શબ્દ નથી. વળી અશકત ઢોરોને ત્યાં રાખવામાં આવતા નથી એમ જણાવેલ છે; પરંતુ રીપોર્ટ વાંચતાં તેમજ પ્રતિષ્ટીત વીઝટરોના પાછળ મુલાકાતના શેરાઓ વાંચતા અશકત ઢોરોને રખાય છે અને રીતસર સાર થતી જોવાય છે. જેથી તે ચર્ચાપત્ર મોકલનાર બંધુએ ખાત્રી કરી પછી તે સંબંધી જેટલી હકીકત સત્ય હોય તે જણાવવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ.

## નોંધ અને ચર્ચા.

અમારા તરફથી હાલમાં **શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત** પ્રકટ થયેલ છે. કોઇ સામાન્ય પ્રસંગે, હવેથી આ સભાએ (સીરીઝના ગ્રંથ સિવાય) દરેક ગ્રંથો મુદ્દલ કિંમતે આપવાનો ધારો કરેલો છે આ ગ્રંથ પણ તેમજ અપાશે તેવી વાત રા. કુંવરજીભાઇ સાથે થયેલ છતાં, તેમજ આ સભા સાથે તેમની સભાનો આમન સામન ગ્રંથો ભેટ આપવાના ધોરણ અનુસાર ગ્રંથ માત્ર ભેટ આપ્યા છતાં; માગશર માસના પ્રકટ થયેલા તેમના જૈનધર્મ પ્રકાશ માસિકમાં અમારા આ ગ્રંથની કિંમતના સંબંધમાં " કિંમત રૂ. ૧।।। રાખી છે તે પુસ્તકની ઉપયોગીતા જોતાં કાંઇક વધારે જણાય છે." એવી અયોગ્ય ટીકા આ પ્રતિક્રમણ સૂત્રની બુકની બાબતમાં કેમ કરવામાં આવી તે અમે સમજી શકતાં નથી. રા. કુંવરજીભાઇ કે તેમની સભાના પુસ્તક પ્રકાશની કિંમતની બાબતમાં અમારે કાંઈ કહેવું નથી; પરંતુ આ સભાનો મુદ્દલ કિંમતે આપવાનો ધારો હોઇ આ બુકની મુદ્દલ કિંમત જ લેવામાં આવે છે ( તેટલુંજ નહિં પરંતુ આ ગ્રંથની ત્રણ હજાર કોપી પ્રકટ થયેલ હોવાથી ૨૫૦૦) કોપી દક્ષીણમાં બેઝવાડા, ગંટુર, બારસી ટાઉન વગેરે શહેરોમાં તદ્દન વગર કિંમતે પ્રચાર થવા અને આપણા વસતા ત્યાંના બંધુઓને ખરી જરૂરીયાત હોવાથી ભેટ મોકલી, ત્રણસો અમારા લાઇફ મેંમ્બરોને ભેટ ધારા પ્રમાણે મોકલી, સો કોપી બીજી રીતે ભેટ જશે માત્ર સો કોપી ઉપરોક્ત હકીકત પ્રમાણે મુદ્દલ કિંમતે સભાને આપવાની છે વગેરે હકીકત છે અને પોતે જાણે છે છતાં કિંમત વધારે જણાય છે તેવી ટીકા તેઓશ્રીને કઇ રીત અનુસાર કરવી પડી તે અમે સમજી શકતા નથી. ખેર ! હવે રા. કુંવરજી ભાઇ પોતાની સભા તરફથી પ્રકટ થતાં પુસ્તકો આ સભાની જેમ મુદ્દલ કિંમતે કે ( અમારી મુદ્દલ કીંમત છતાં વધારે તેઓશ્રીને લાગી તો ) ઓછી કિંમતે હવે પછી આપશે તો આ અયોગ્ય ટીકા માટે અમોને આનંદ થશે અને જૈન સમાજ તેમની સભાના પ્રકટ થતાં ગ્રંથોનો વધારે સારો લાભ લેશે; અમે નમ્ર વિનંતિ કરીએ છીએ કે તેઓશ્રી જરૂર તેમ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક દુઃખદ પ્રસંગ.

થોડાક વખત પહેલાં લાલ શાહીથી, પ્રેસના નામ સિવાય એક જૈનની સહીથી શ્રીમાન્ આચાર્યો અને આગેવાન મુનિ મહારાજાઓની નિંદા કરનારૂં એક હેન્ડબીલ અમદાવાદથી પોસ્ટ મારફતે ઘણા ગામોએ પહોંચેલ છે. આ હેન્ડબીલની ભાષા ભ્રષ્ટ અને ભયંકર એટલી બધી છે કે જૈનકુળમાં જન્મેલ કે જૈન નામ ધારણ કરનારાને શોભેજ નહિં તેટલુંજ નહિં; પરંતુ વિવેકનો લોપ કરી દરેક મુનિ મહારાજાઓને અયોગ્ય રીતે ચીતરવાનો અતિ અધમ અને પાપી પ્રયત્ન કર્યો છે. કે જેથી કોઈપણ જૈન વ્યક્તિને વાંચતાં–હૃદયમાં આઘાત થવા સાથે દારૂણ દુઃખ થાય તેવુ છે. આવી રીતે મુર્ખાઈ કરી હેન્ડબીલ પ્રકટ કરી જૈન શાસનને ઉતારી પાડવાનો દુષ્ટ ઈરાદો સ્પષ્ટ જણાય છે. આવું હેન્ડબીલ પ્રકટ કરનાર જૈન હોઇ શકેજ નહિ, પરંતુ નીચ અને હલકી કોટીના મનુષ્યને પણ ન શોભે તેવું ગલીચ કૃત્ય છે. જ્યાં જ્યાં આ હેન્ડબીલ પહોંચ્યુ છે. ત્યાં ત્યાંનો સમગ્ર સંઘ ( દરેક જૈન વ્યકિત ) ખળભળી ઉઠી છે. એમ જૈન પેપરોદ્વારા જણાયુ છે. આવા મનુષ્યનો આજે નહિં તો કાલે જો પાપનો ઘડો ફુટશે, તેવી શ્રદ્ધા રાખીને બેશી નહિં રહેતાં જૈન સમાજે આવા મનુષ્યને શોધી તેની ખબર લેવાની જરૂર છે. આ કે કોઇ ધાર્મિક વિષયોના ચર્ચાના પ્રસંગે પણ આવી કે બીજી રીતના નિંદાના હેન્ડબીલો પ્રકટ કરવાથી સમાજ કે ધર્મને લાભ થયોજ નથી. આવા આખી જૈન સમાજના–હૃદયને વલોવી નાંખનારા આ કાર્ય કરનાર કે તેને મદદ કરનાર માટે અમારો સખ્ત તીરસ્કાર દુઃખદ લાગણી સાથે જાહેર કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


તૈયાર છે. "શ્રાવક ઉપયોગી ખાસ ગ્રંથ." તૈયાર છે.

## "શ્રી આચારોપદેશ ગ્રંથ."

આચાર એ પ્રથમ ધર્મ છે એમ શાસ્ત્રકારો કહે છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે ( બ્રાહ્મમુહુર્ત વખતે ) શ્રાવકે જાગ્રત થઇ શું ચિંતવવું? ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથ તથા કેવી વિધિથી શું કરવી ? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકાર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે જીંદગીની શરૂઆતથી વ્યવહાર અને ધર્મના પાલન માટે પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ છે, ખરેખર જૈન થવા માટે એક ઉત્તમ ગ્રંથ છે. કોઇ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠન પાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ. કિંમત મુદ્દલ રૂા ૦–૮–૦ માત્ર આઠ આના પોસ્ટેજ જુદું.

———

## "શ્રી ધર્મરત્ન પ્રકરણ."

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઇ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. અનેક નવીન વસ્તુનું જ્ઞાન પણ થાય છે. કિંમત રૂા ૧–૦–૦ પોસ્ટેજ જુદું.

—•—

### "કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ."

## "કાવ્ય સુધાકર."

( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ છે. આ કાવ્યોમાં કાવ્યઝરણુનો નિર્મળ પ્રવાહ અસ્ખલિતપણે વહે છે, જે આ ગ્રંથમાં સંપૂર્ણ કળામાં દીપી નીકળે છે, જેથી વાચકને રસ ઉત્પન્ન કરે છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ કાવ્યો એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્યને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—"શ્રી જૈન આત્માનંદ સભા"—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખરો ધર્મ વર્તનથી બતાવી શકાય છે.

કોઈ પણ માણસની ધાર્મિક ભાવનાઓ જેમ તેના ધર્મનો એક ખરો ભાગ હોય છે તેમ તેનું વર્તન પણ તેના ધર્મનો એક ખરો ભાગ છે. ઇશ્વર વિષેની તમારી પોતાની ખરી ભાવનાઓ કયી છે તે જાણુવા ઇચ્છા હોય તો નીચેના પ્રશ્નના જવાબ આપો:—"ઇશ્વર વિષેના વિચારની મારા વર્તન ઉપર કેટલી અસર રહે છે ?" તમારી જે ભાવનાઓની અસર તમારા વર્તનને રહે છે તેના કરતાં તમારા ધર્મમાં વધારે મહત્તા નથી એ વાત નિર્મળ મનથી સ્વીકારી કામકાજ કરો. જે માણસને ગુરૂત્વાકર્ષણુના નિયમનું જ્ઞાન છે, તેમાં રહેલા સત્યનો જે સ્વીકાર કરે છે તે કોઇ ઘર પડતું હોય છે તો તેનાથી દૂર નાસે છે, ઘરને છાપરેથી તે કદી કુદકો મારતો નથી. આજ પ્રમાણે કોઇ માણસને પ્રીતિના નિયમવિષે જ્ઞાન હશે, તેના સત્યનો તે સ્વીકાર કરતો હશે તો પૂરી પાડવા જેવી ન્યૂનતાઓ કેટલી છે તેની તે તપાસ રાખતો રહેશે ને મનુષ્યનો તે મિત્ર થઇ પડશે.

પોતાના જાતિભાઇઓ તરફનું કર્તવ્ય એ સેવાનું મૂળતત્વ છે. પોતાના જાતિભાઈઓ અને ભગિનીઓ માટે પોતાના જીવન; પોતાના આત્માનો ત્યાગ કરવો એ સિવાય બીજો કોઇ પણ માણસ ઇશ્વર આગળ ધરી શકે નહિ, પ્રભુનાં દ્વાર ખુલાં થવા માટે વ્યક્તિ જીવન અને સાધુતાના સદ્ગુણના વિકાસની જરૂર છે. આ વિકાસ માટે આવશ્યક સેવાની માગણી દરેક મનુષ્ય આગળ થતી રહે છે.

દેશના સામાજીક પ્રશ્નોના નિર્ણયમાં અમુક ધર્મ કેટલો ઉપયોગી થઇ પડે છે એટલુંજ માત્ર જોવું એ ધર્મની પુરતી કસોટી છે એમ હાલનું જગત્ વધારે અને વધારે માનતું જશે. તમારા પોતાના ધર્મ તરફ દૃષ્ટિ ફેરવો, તેનાથી તમારા દેશની ઉન્નતિ થાય છે કે કેમ તેની તપાસ કરો. તે કાંઇ કામ કરે છે કે નહિ તેની તજવીજ કરો, જે કોઇ પરિણામ આવવાં જોઇએ તે તેનાથી આવે છે કે નહિ તેની તપાસ કરો, જે માણસ સંપૂર્ણ રીતે ધર્મનિષ્ઠ રહે તેને સમાજ સેવા તથા દેશાભિમાન તરફ કેટલું પ્રોત્સાહન થાય છે ? હિંદુસ્તાનના લોકો આગળ, પહેલાં નહિ આવેલ ઘણી બાબતો રજુ થઇ છે. પ્રયોગશાળાની પદ્ધતીથી તેઓ પોતાના ધર્મમાં રહેલા સત્યની અજમાયશ લેવા ઇચ્છા રાખતા હોય તો પોતાના દેશના કઠિન પ્રશ્નો સામે બાથ ભીડવામાં, તેનો યોગ્ય નિર્ણય કરવામાં તેનાથી કેટલી શક્તિ, કેટલું પ્રોત્સાસન મળે છે તે તેમણે જાણવું જોઇએ.

**સામાજીક સેવાના સન્માર્ગ.**

For Private And Personal Use Only